|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રીનારાયણ જાની

**સંપાદક :** શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'


ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :


**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

# ।। મારી અશાન્તિનું કારણ હું જ ! ।।

જે છે એમાં આનંદ શોધો નહિતર પ્રાણોમાં અશાન્તિ થઈ જશે અને પરિણામે દુ:ખ જ દુ:ખ અનુભવાશે. તમે પ્રકાશપૂર્ણ બાજુ જોતા જ નથી એટલે અશાંત બનો છો. આ સંદર્ભમાં બે સાધુઓની કથા બહુ પ્રચલિત છે.

એક વરસાદી સાંજે એ બે સાધુઓ ઝૂંપડામાં પાછા ફર્યા ત્યારે એક સાધુ વરસાદી તોફાને મચાવેલી તબાહી જોઈ વ્યથિત થઈ ગયો. આટલા મોટા ગામમાં પ્રભુને મારું જ ઝૂંપડું મળ્યું ! અડધું અડધ પાડી કાઢ્યું ! મુજ ગરીબ પર એને દયા ન આવી ?

જ્યારે બીજો સાધુ બોલ્યો : ‘આપણી પ્રાર્થના, પૂજા, ઉપવાસનું ફળ જુઓ છો ? વર્ષામાં અડધું છાપરું ભલે ઊડી ગયું. પ્રભુ ધન્યવાદ ! તમારી કૃપાનું શું કહેવું ? આંધિ પૂરા ઝૂંપડાને લઈ જાત તો ! આંધિઓનો ભરોસો શું ? પ્રભુ ચોક્કસ તેં જ એની આડે અંતરાય ઊભો કર્યો હશે. અડધા ઝૂંપડામાં આટલો બધો આનંદ ઊભો કરી દીધો તેં અમારા માટે ખુલ્લું આકાશ, તારા જોવા મળ્યા સાથે વર્ષોથી ભીંજાવાનો અનુભવ ! તે તો પ્રભુની કૃપા પર ગીત લખવા બેસી ગયો.’

એક સાધુમાં ફરિયાદ હતી, બીજામાં કૃતજ્ઞતા. ઘટના એક જ, દૃષ્ટિ બે ! પરિસ્થિતિ એક અભિગમ બે ! જીવનમાં આનંદ ઘણો છે. એના કૃતજ્ઞ થવા જેવું છે. જીવનને દોષ ન આપો. તમારી દૃષ્ટિમાં ખોટ છે. જીવનના પાંદડે પાંદડે ગીત છે; દેખવા સમર્થને જ એ દેખાશે. આ બોધ આવતાં જ સત્ય પ્રતિ જાગી જવાય. મારી અશાંતિનું કારણ હું જ, બીજામાં કારણ ન શોધો.

**—એક ઝેન કથા**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥ ॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

# ॥ સપ્ટેમ્બર–૨૦૨૪ ॥

## ॥ આ અંકની વિશેષતા : ‘રાષ્ટ્રપ્રેમ’ ॥

‘હું ભરતખંડ છું. હું શિવ છું. હું મનુષ્ય છું. હું પશુ છું, હું પક્ષી છું. હું સાક્ષાત્ પરબ્રહ્મ છું, પરમાત્મા છું.’—આવા ઉદ્‌ગારોથી સમગ્ર સૃષ્ટિની અખિલાઈ-એકતા સંકેતતા સ્વામી શ્રીરામતીર્થને શ્રીનારાયણસ્વામીએ પ્રશ્ન કર્યો : ‘તમારો દેશ કયો ?’ ત્યારે તેમણે કહ્યું; ‘સમસ્ત જગત મારો દેશ છે અને સર્વનું કલ્યાણ કરવું એ મારો ધર્મ છે.’

## અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૭ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨. 'સ્વર્ગારોહણ' તીર્થનો મહિમા | ” | ૯ |
| ૩. દેશપ્રેમ | શ્રી યોગેશ્વરજી | ૧૦ |
| ૪. દેશપ્રેમનું વાવેતર | સંકલન | ૧૧ |
| ૫. રાષ્ટ્રની વિભાવના | ” | ૧૨ |
| ૬. શાંતિ માટેનો પ્રેમ | ” | ૧૩ |
| ૭. અહિંસા પરમો ધર્મ | ” | ૧૪ |
| ૮. મંગલ મારા દેશ રૂપાળા ! | શ્રીયોગેશ્વરજી | ૧૫ |
| ૯. વસુધા એક કુટુંબસમી છે | ” | ૧૬ |
| ૧૦. સ્વામી વિવેકાનંદનો અનન્ય ભારતપ્રેમ | સંકલન | ૧૭ |
| ૧૧. ભારતનો આધારસ્તંભ : ધર્મ | સ્વામી વિવેકાનંદ | ૧૮ |
| ૧૨. રાષ્ટ્રવિકાસ માટે અધ્યાત્મદાન અનિવાર્ય | સંકલન | ૧૯ |
| ૧૩. મારા દેશપ્રેમનો આદર્શ | સ્વામી વિવેકાનંદ | ૨૨ |
| ૧૪. પ્રત્યેક દેશવાસી : એક મહિમાવાન આત્મા | સંકલન | ૨૪ |
| ૧૫. વિશ્વને ભારતનો સંદેશ | ” | ૨૬ |
| ૧૬. યુદ્ધ : અનિવાર્ય દૂષણ | ” | ૨૮ |
| ૧૭. ટૉલ્સ્ટૉયકૃત 'વૉર ઍન્ડ પીસ'નો સંદેશ | ” | ૩૦ |
| ૧૮. 'સિઆચેન' : અદ્ભુત સૈનિકગાથા | ” | ૩૪ |
| ૧૯. 'સિંહપુરુષ' : નાયકકેન્દ્રી નવલકથા | ” | ૩૬ |
| ૨૦. યુદ્ધનો સુખદ અંત | ” | ૩૯ |
| ૨૧. લશ્કરી મોરચે જ નહિ, અંતરાત્માને સ્તરે ઝળહળ | ” | ૪૦ |
| ૨૨. એક ભાવભર્યો પત્ર | 'ડલાસ'ના બાળભક્તો | ૪૧ |
| ૨૩. પરમ પૂ.શ્રી'મા'એ દર્શાવેલો 'નામસ્મરણનો મહિમા' | શ્રી નીતિ ભટ્ટ | ૪૩ |
| ૨૪. શ્રીઅયોધ્યામાહાત્મ્ય | 'શ્રીભગવદ્લીલા' ગીતાપ્રેસ | ૪૯ |
| ૨૫. દીન નહિ, લીન બનો | | ૫૨ |
| ૨૬. સ્વયંપ્રભાની સલાહ | સંકલન | ૫૩ |
| ૨૭. ભક્તિ પરમ પ્રેમરૂપ છે | 'શ્રીનારદ ભક્તિસૂત્ર' | ૫૪ |
| ૨૮. ચૈતન્ય મહાપ્રભુ | 'સંત અંક' ગીતાપ્રેસ | ૫૭ |
| ૨૯. પરમાત્માની પ્રેમચુનરી | ડૉ.વિપીનકુમાર કીકાણી | ૫૯ |
| ૩૦. અહંકારનું કાચલું ઘણના ઘા વિના તૂટતું નથી | શ્રી દિલીપકુમાર રૉય | ૬૧ |
| ૩૧. ગુરુશિષ્યમિલન એ સહજ ઘટના છે | શ્રી વિમલા ઠકાર | ૬૪ |
| ૩૨. A Special wish for a specialday | શરણા અમૃતિયા | ૬૬ |

## નિવેદન : શુભદા 'મા' સર્વેશ્વરીની અવિશ્રાન્ત સાધનાથી સુગંધિત 'સ્વર્ગારોહણ'

'સ્વર્ગારોહણ' તીર્થને પોતાની અવિરત, અવિશ્રાન્ત સાધનાથી પરમ પ્રેમમયી 'મા'એ એવું મહેકતું કરી મૂક્યું છે કે, અહીં આવનાર યાત્રિક એની સુગંધથી સુગંધિત થયા વિના રહી શકે જ નહિ. અને જ્યારે એ જાણે કે, આજકાલ 'મા' પોતાની આંતરયાત્રામાં મગ્ન છે. પ્રણામ, પ્રાર્થના, પદ્માસન, ધ્યાન, મંત્રજપ, લેખન, વાચન, ચાલ, દોડ તેમજ પોતે જ પોતાને મળવાવાળા સ્વજનો સાથે ઓતપ્રોત થઈ, 'નિજાનંદની મસ્તી' માણતાં મૌનમાં મગ્ન રહે છે. (અલબત્ત, અહીં પધારનારને પ્રભુપંથે ગતિ વધારી, સંસારી સુખદુ:ખમાં અટવાતા રોકવા, સાધનાના પોતાના રસરુચિ અનુસારના માર્ગો સૂચવે છે. જેથી 'આત્માને ઓળખવાનો મહામૂલો અવસર આ જીવન છે, તે દેહાર્થે વેડફાય નહિ.' સહજ શિસ્ત, અનુશાસનથી, મન-બુદ્ધિથી શુદ્ધિ સધાયા પછી તે આત્મસિદ્ધિની વાટ પકડી શકે.)

ત્યારે સાધકો પણ પૂ.શ્રી 'મા'એ અતિ-સ્નેહ-કાળજીથી તૈયાર કરેલા સમયપત્રકને અનુસરી, સઘળો પ્રમાદ ખંખેરી એકાંત-મૌન-ધ્યાન માટે તત્પર બને છે. એને સમજાવવા માંડે છે કે, 'પુરુષાર્થ કરનારના પાલવમાં કૃપા આપોઆપ જઈ પહોંચે છે. આપણે જો જાગ્રત, સાવધ રહ્યા તો પ્રભુ પણ સાથે રહે છે ને માથે પણ !'

ભક્તિપંથે જવા કેવળ ભાવનાની મૂડી ચાલે પણ ભજનો ગાવામાં, સેવાપૂજામાં, તીર્થયાત્રાઓમાં તન-મન બંનેને કામ મળ્યા કરે છે. જ્યારે મંત્રજપ ધ્યાન-જ્ઞાનના પંથે સ્વાધ્યાય વગર ન જ જવાય. સમજણ વગર ડગલું ન ભરાય. મૌનને કારણે વાણીનો સંયમ સધાય અને ઉપવાસથી મન-ઈન્દ્રિયોના વેગમાં તણાઈ ન જવાય.

શારીરિક-માનસિક સ્તરે, જે શુદ્ધીકરણ સાધે તે સાધક પોતાની 'આંતરિક સ્વાધીનતા' જીવવા સમર્થ બને છે. આમાં ઈન્દ્રિયો કે સામાજિક મૂલ્યાંકનની પરવશતા નથી.

સાધક આત્મવશ થઈ, 'જિજ્ઞાસાથી ઉપલબ્ધિ'ની જે યાત્રા છે, તેમાં રત રહેવા પ્રેરાય છે, પછી તેના જીવનમાં આનંદ, શાંતિ છવાય છે.

આમ, પરમ પૂજ્ય શ્રી'મા'નું 'શુભદા' નામ સાર્થક થાય છે.

# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

## તા.૨૮/૫/૧૯૮૩, શનિવાર. વૈશાખ વદ બીજ, વિ.સં.૨૦૪૦

## સ્થળ : ઈન્દ્રલોક હોટલ, હૃષીકેશ.

સવારે ગંગાસ્નાન કર્યું. તે પહેલાં ફૂલો ને દીવડા સાથે ગંગાજીમાં માતાજીના અસ્થિને પ્રાર્થના સાથે વિસર્જિત કર્યા. ત્યારબાદ સૌએ સ્નાન કરી ગંગાઘાટે શિવમહિમ્નનો પાઠ કર્યો. સ્વર્ગાશ્રમ તરફ જવાની યોજના હતી પણ સૌએ ગઈકાલનો ઉતારો બદલ્યો.

બપોરે ભોજન ન કર્યું, કારણ પૂ.શ્રીને દસ્ત થઈ ગયા હતા. ફક્ત લસ્સી જ લીધી. બપોરે આરામ કર્યો.

સાંજે કાલીકમલીવાળા ક્ષેત્રમાં જવાનું બન્યું. ત્યાં ગોસ્વામી શ્રીચેતનકુમારને મળવાનું બન્યું. યાત્રી વિભાગના મુખ્ય અધિષ્ઠાતાને મળતાં જ તેમણે પૂ.શ્રીને નમસ્કાર કરી વાતો શરૂ કરી. પૂ.શ્રી ગંગોત્રી જનાર છે એવું જાણતાં જ ગોસ્વામીએ ગંગોત્રીમાં જે કાલીકમલીવાળા ક્ષેત્ર તરફથી ધર્મશાળા છે તેમાં વિશ્રામ કરવા માટેની ચિઠ્ઠી લખી આપી. સામેથી પ્રભુએ જાણે એ સગવડ કરી આપી !

કાલીકમલી ક્ષેત્રના મુખ્ય મેનેજર શ્રીઋષિ પણ મળ્યા. થોડી વાતો કરી. દર વરસે માતાજી જ્યોતિર્મયી અહીં દાન આપતાં એ રીતે આજે પણ પૂ.શ્રીએ એ રકમ અપાવી.

આજે ગંગાકિનારે ખાસ કાંઈ સત્સંગ ના થયો. થોડી બીજી વાતો થઈ. જેમાં સાથે આવેલા ભાઈબેનોને ઘણું ઘણું સમજવાનું હતું.

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ.

**—શ્રી'મા' સર્વેશ્વરી**

# ॥ 'સ્વર્ગારોહણ' તીર્થનો મહિમા ॥

એક એવું તીર્થ મુજને છે મળ્યું,
    જીવનભર, જન્મોજન્મ જ્યાં રહી શકું.
આમંત્રણ વગર મધરાતે પણ હું જઈ શકું,
    સાચું ઘર છે એ જ મારું ગણી શકું.
પ્રાર્થનાની સાધના જ્યાં કરી શકું,
    મૌન, વ્રત, ઉપવાસ પણ ત્યાં કરી શકું.
પ્રેમ ને આનંદથી એ છે મઢ્યું,
    જાણીતું અજાણ્યું અહીંયા છે ઠર્યું.
અલ્પ ધનરાશિ થકી જ્યાં જીવી શકું,
    શાંતિ ને સંતોષથી ત્યાં હસી શકું.
સ્વપ્ન શ્રી ગુરુદેવનું સાચુ પડ્યું,
    ભક્તબાળનું ભાગ્ય અહીંયા છે ફર્યું
નામ 'સ્વર્ગારોહણ' એને ધર્યું,
    કૃપાનું અમૃતબિંદુ અહીં ઢળ્યું.
વહાલ વરદ હસ્તનું નીતરી રહ્યું
    'સર્વેશ્વરી'એ અનુભવી ગાયું ઘણું.

**—શ્રી'મા' સર્વેશ્વરી**

# ।। દેશપ્રેમ ।।

દેશપ્રેમ !

દેશનાં કરોડ માનવીનું માત્ર યોગક્ષેમ;
થાય શ્રેય સર્વનું અનેકરૂપ પૂર્ણ કેમ ?
એજ છે અમારી નેમ !

દેશપ્રેમ !

મંત્ર, બીજમંત્ર એ જ, ઈષ્ટ દેવતાય તેમ,
ધર્મ, સાધના, અનંત, સાધ્ય, ગૂઢ સિંધુ જેમ.
એ મહીં નહીં વહેમ !

દેશપ્રેમ !

શબ્દને સુણી પ્રફુલ્લ થાય પ્રાણ આ સપ્રેમ;
કામના કરીએ એ થકી થઈ રહી ને હેમ,
દેશને સુહાવતા રહીએ દીર્ઘકાલ એમ !

દેશપ્રેમ !

**—શ્રીયોગેશ્વરજી**

# ॥ દેશપ્રેમનું વાવેતર ॥

જાપાનમાં 'સ્વદેશપ્રીતિ' શાળાઓમાં બાલ્યાવસ્થામાંથી જ જાગૃત કરવા કેવી જાતનું શિક્ષણ અપાય છે તેનું એક દૃષ્ટાંત :

શિક્ષક : તારી ઉંમર કેટલી ?

વિદ્યાર્થી : નવ વર્ષ

શિક્ષક : તું આવડો મોટો શાથી થયો ?

વિદ્યાર્થી : ખોરાક ખાવાથી.

શિક્ષક : એ ખોરાક ક્યાંથી ઉત્પન્ન થયો ?

વિદ્યાર્થી : આપણા દેશની ભૂમિમાંથી.

શિક્ષક : ત્યારે તારું શરીર આ દેશની ભૂમિમાંથી ઉત્પન્ન થયું, એનાથી જ પાલનપોષણ પામ્યું. પેદા માતાપિતાથી થયું પણ એ માતાપિતાની શક્તિ પણ દેશની બહાર તો નથી ને ?

વિદ્યાર્થી : ના જી.

શિક્ષક : ત્યારે તો દેશને આપણી માતૃભૂમિને પૂરેપૂરો અધિકાર છે કે જ્યારે યોગ્ય લાગે ત્યારે આપણું શરીર ઉપયોગમાં લે.

વિદ્યાર્થી : જી હા. એ વખતે મારું કોઈ બહાનું ન ચાલે.

આટલી જ વાતચીતથી 'માતૃભૂમિ માટે પ્રાણ સમર્પણ કરવાનો ભાવ' વિદ્યાર્થીની નસેનસમાં પ્રવેશ કરી જાય છે.

'બલિદાનની ભાવના' ગ્રહણ કરો ને તમને જે કંઈ પ્રાપ્ત થાય તેને બીજાઓમાં પ્રતિબિંબત કરો.

## દીપકનો પ્રકાશ : એનું ગૌરવ, એનું સમર્પણ

દીપકની ઉજ્જવલતાનો મૂળ મંત્ર એ છે કે, એ પોતાના 'તેલ-બત્તી(વાટ)ને' સાચવી રાખતો નથી. એ પોતાના તુચ્છ 'હું'પણાનો ઉપયોગ કરે છે, અને એનું સ્વાભાવિક પરિણમન એના ગૌરવ-સમર્પણના પ્રતીક એવા 'પ્રકાશ'માં થાય છે.

**—સંકલન**

# ।। રાષ્ટ્રની વિભાવના ।।

રાષ્ટ્ર શું છે ? શું હોઈ શકે ? એની બહુ સુંદર વાત કવયિત્રી શ્રીઅમૃતા પ્રીતમે એના એક કાવ્યમાં કહી છે : "'સ્વ'ની દીવાલને જે ઠેકી શકે તે જ 'રાષ્ટ્ર'ને પામે. આજે મેં મારા ઘરનો નંબર ભૂંસી નાખ્યો છે. અને ગલીને નાકે લગાડેલું પાટિયું દૂર કર્યું છે. અરે, દરેક સડક પરનાં દિશાસૂચનો ભૂંસી નાખ્યાં છે. પણ જો તમારે મને મળવું જ હોય તો દરેક દેશના, દરેક શહેરની, દરેક ગલીનું બારણું ખખડાવજો.

આ એક શાપ છે, એક વરદાન છે.

અને જ્યાં એક 'સ્વતંત્ર આત્માની ઝલક' તમને દેખાય તો તમે સમજી જજો, એ મારું 'ઘર' છે."

મહાત્મા ગાંધીએ કહ્યું હતું, 'My Nationality is internationality in spirit.'

—તો દેશ જેની રગેરગમાં છે, સ્મૃતિઅંશરૂપે ભીતર સર્વથા છે. જેની ચેતના વિસ્તરેલી વ્યાપેલી છે તે જ 'સ્વત્વ'ની સંકીર્ણતામાંથી બહાર આવી, 'સર્વસ્વનો અંશ' બની શકે. અને 'સ્વાતંત્ર્ય' એટલે એ વ્યવસ્થા, જે સામાન્ય વ્યક્તિને પણ જીવનનો આગવો અર્થ આપે, એમાં કોઈનું વ્યક્તિત્વ ખોવાઈ ન જાય. દરેક વ્યક્તિ ઈશ્વરનું સર્જન છે. દરેક અદ્વિતીય, અપૂર્વ, અનન્ય છે. કોઈ મોટું નથી, કોઈ નાનું નથી. કોઈ ઊંચું નથી, કોઈ નીચું નથી. આપણે બધા એક છીએ, સામસામે નથી, સાથે છીએ, આ ભૂમિ આપણી સર્વની સહિયારી છે. અર્થાત્ આપણે એક રાષ્ટ્ર છીએ.

આપણી આ ભારતભૂમિને કવિવર ટાગોરે 'સશ્યશ્યામલા' કહી 'વંદેમાતરમ્' કહ્યું છે. અને કવિશ્રી બંદોપાધ્યાયે 'જનગણમનઅધિનાયક જય હે ભારતભાગ્યવિધાતા'ની ભાવનાથી મઢી લીધી છે. સ્વાધીનતાની આબોહવા લોકચેતનાએ ઊભી કરવી રહી.

**—સંકલન**

# ॥ શાંતિ માટેનો પ્રેમ ॥

શાંતિ માટેનો પ્રેમ અને શાંતિ માટેની ઝંખના ભારતીય સંસ્કૃતિના પાયામાં મૂર્તિમંત થયેલી છે. માનવઈતિહાસમાં કદાચ ભારતીયોએ જ સંવાદિતાનો ખ્યાલ સૌપ્રથમવાર અપનાવ્યો છે. વૈશ્વિક કલ્યાણની સર્વોપરી ઈચ્છા સેવવાના ભારતીય અભિગમને વિશ્વ સમક્ષ મૂકવાની ભૂમિકા આપણી વેદકાલીન છે; જેમાં કહેવાયું છે :

'સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખ ભાગ્ભવેત્ ॥'

આધુનિક ટેકનોલોજીના અભૂતપૂર્વ વિકાસને કારણે ઈન્ટરનેટથી અતિશય ગાઢ સંકળાયેલું વિશ્વ જુદા જુદા દેશો વચ્ચે વધતા જતા પરાવલંબનનું સાક્ષી બની રહ્યું છે. હવે શાંતિ-સહકાર સ્થાપવા અને વિકાસને ઉત્તેજન આપવા તરફ આંતરરાષ્ટ્રીય સંબંધોનો ઝોક વધ્યો છે.

માણસ જો અશાંત રહેશે તો તેના હાથની બધી શક્તિ શેતાન બની જશે ને જો તે શાંત છે તો તેના હાથની બધી શક્તિ પરમાત્માનાં ચરણોમાં સમર્પિત રહેશે. શાંત માણસનું બધું ઓજ, બધી શક્તિ ઊર્જા સત્યના પક્ષમાં હશે.

તેથી જ વિશ્વના મોટા ભાગના મનુષ્યોએ પરસ્પર શાંતિ-સંવાદિતા-સહકારને અગ્રતા આપવાની ઈચ્છા વ્યક્ત કરતાં સ્વપ્ન જોયું છે કે; 'ઈ.સ.૨૦૫૦ના વર્ષ સુધીમાં વિશ્વનું દરેક રાષ્ટ્ર 'વૈશ્વિક સંવાદિતાના અભયારણ્ય'માં હશે અને 'શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ' તથા 'આમૂલ સામાજિક, સાંસ્કૃતિક પરિવર્તન'ની દીવાદાંડીનો ઝળહળતો પ્રકાશ ધરાવતું હશે.'

આમ કાયમી શાંતિ અને સહિયારી સમૃદ્ધિ હોય તેવો સુમેળ ધરાવતી 'દુનિયાની સહરચના' કરવા પોતાની તમામ સંભાવ્ય શક્તિઓ ખપે લગાડી, સમગ્ર માનવજાત ધન્ય બનશે.

—સંકલન

# ॥ અહિંસા પરમો ધર્મ ॥

આજથી પાંચ હજાર વર્ષ પહેલાં કૃષ્ણે દુનિયાને એક મહત્ત્વપૂર્ણ સંદેશ આપ્યો : 'હિંસા ભલે અનિવાર્ય હોય, પરંતુ શ્રેષ્ઠ તો અહિંસા જ છે.'

યુધિષ્ઠિરે ભીષણ માનવસંહારને જોઈને કહ્યું હતું : 'આ જય તો પરાજય જેવો છે.'

કલિંગ યુદ્ધનો નરસંહાર જોઈને સમ્રાટ અશોકનો હિંસામાંથી વિશ્વાસ ઊઠી ગયો એણે બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો.

જૈન ધર્મનો અહિંસા તો પ્રાણ છે.

એ સિવાય હજારો સાધુ સંતોએ પણ અહિંસાનો જ મહિમા કર્યો છે.

ગાંધીજીએ કહ્યું : 'સત્ય-અહિંસા માત્ર વ્યક્તિગત જીવનમાં જ નહિ, સમૂહમાં પણ એટલું જ આવશ્યક છે.' તેમણે યુદ્ધના મેદાનમાં અહિંસા ઉતારી, વિશાળ દેશની આઝાદી પ્રાપ્ત કરી.

'અમને ગુલામ બનાવવાનો તમને અધિકાર નથી. તમારા અન્યાયનો વિરોધ કરીશું પણ હિંસાથી નહિ, સત્ય અને અહિંસાથી. લાઠીચાર્જ કરો, અશ્રુગૅસ છોડો, જેલમાં પૂરો. તમને એક કડવું વેણ નહિ કહીએ. અમારા મનમાં તમારા માટે ચીડ, અણગમો, નફરત નહિ હોય, પ્રેમ જ હશે.'

ગાંધીજીએ અહિંસાનું રાષ્ટ્રીયકરણ કર્યું.

**—સંકલન**

# ॥ મંગલ મારા દેશ રૂપાળા ! ॥

મંગલ મારા દેશ રૂપાળા !
વંદન કોટિ કરું તને હું.
દેવો પરમાત્માના પ્યારા !
ઉત્તર છત્ર હિમાલયકેરું,
સોહે સુંદર બરફ ન્યારા,
વિંધ્યાચળ અરવલ્લીકેરી,
સહ્યાદ્રિ દક્ષિણમાં માળા.
કાશ્મીર કન્યા તેમ કુમારી
બેટ દ્વારકા બંગરસાળા,
જયગાન કરે સાગર તારું,
સંધ્યા તેમ ઉષા દ્રઢિયાળાં.
ગંગા જમના સિંધુ વહે છે,
તેમ નર્મદા-તાપી-ધારા,
સરસ્વતી કાવેરી કૃષ્ણા,
જુએ સૂરજ ને રાતે તારા.
શાશ્વત સંસ્કૃતિ કેરા સ્વામી !
જ્ઞાની યોગી ગૌરવવાળા !
ભેદમહીંયે અભેદધારી,
ધીર વીરના સરજનહારા !
યુગ યુગ કીર્તિ રહેજો તારી,
અમર રહો સંદેશા તારા,
મનુકુળને સુખદાયી થાઓ
પ્રેરક તારા મંત્રો સારા !

**—શ્રીયોગેશ્વરજી**

# ॥ વસુધા એક કુટુંબસમી છે ! ॥

વસુધા એક કુટુંબસમી છે !
પાત્ર અનેક પ્રજાના કિન્તુ,
    અંદર એનું એ જ અમી છે !
રંગ-રૂપ-ગુણ ભિન્ન ભલે હોય,
પ્રાણ એક છે અંદરનો તો,
    એક જ માત-પિતાનાં બાળક
    એકતાતણી ના જ કમી છે !
માળા જુદા ભલે ને લાગે,
રહે નહિ કે સઘળા રાગે,
    એક જ તરુવરનાં સૌ વાસી
    વિદ્વાનોને વાત ગમી છે.
સરિતા જુદી જુદી હો તોયે,
સમાય સાગરમાં સૌ કોય,
    ધ્રુવપદ એક જ એમ બધાંનું
    પ્રકૃતિ રાસ રસાળ રમી છે.

**—શ્રીયોગેશ્વરજી**

# ॥ સ્વામી વિવેકાનંદનો અનન્ય ભારતપ્રેમ ॥

વિદેશથી પાછા ફરતા સ્વામી શ્રીવિવેકાનંદને કોઈએ પૂછ્યું; ‘પાશ્ચાત્ય વૈભવ વિલાસ વચ્ચે વર્ષો રહ્યા પછી આ માતૃભૂમિ તમને કેવી લાગે છે ?’ એમણે કહ્યું : ‘વિદેશમાં આવવા અગાઉ પણ હું પોતાની માતૃભૂમિને પ્રેમ કરતો હતો. પરંતુ હવે તો મને એવું લાગી રહ્યું છે કે, ભારતનું એકેએક રજકણ મારા માટે પવિત્ર છે. ભારતની હવા મારા માટે પવિત્ર છે. ભારત મારી પુણ્યભૂમિ, મારું તીર્થસ્થાન છે.’

આવા અનન્ય ભારતપ્રેમી સ્વામીજીના સંસર્ગમાં જે પણ આવતા તેમના મનમાં ભારતપ્રેમની ભાવનાઓ હિલોળા લેવા લાગતી. ક્રિસ્ટીન લખે છે : ‘જ્યારે એમના અદ્‌ભુત કંઠસ્વરથી ‘ભારત’ શબ્દનું ઉચ્ચારણ સાંભળ્યું, એ જ ક્ષણથી અમારા મનમાં ભારતપ્રેમની ભાવનાનો ઉદય થયો. એક નાના-શા શબ્દમાં આટલું બધું ભરી શકાય છે એ વિશ્વાસ નથી થતો. એમાં પ્રેમ હતો, તીવ્ર આવેગ હતો, ગર્વ હતો, ઘરે પાછા ફરવાની વ્યાકુળતા હતી. પૂજા, વિચ્છેદવેદના, વિરહ એવમ્ શૌર્ય હતું.’

સેંકડો પાનાં લખીને પણ કોઈ બીજાના મનમાં આ પ્રકારનો ભાવ જાગ્રત ન કરી શકે. એમના મુખથી ઉચ્ચરિત શબ્દમાં એવો જાદુ હતો કે તે પ્રત્યેક શ્રોતાના મનમાં ‘સ્વપ્નભૂમિ’ બની ગયો ! ભારતવર્ષની પ્રત્યેક વસ્તુ, ભારતવર્ષના મનુષ્યો, એના આચાર-વ્યવહાર, રીતિ-નીતિ, ઈતિહાસ, સંસ્કૃતિ, આધ્યાત્મિક જ્ઞાન, ધ્યાન-ધારણા, શાસ્ત્ર, ભારતવર્ષની નદીઓ, પહાડ-પર્વત-મેદાન સર્વ કાંઈ મારે માટે એક આકર્ષક જીવંત, પ્રાણવંત વસ્તુ બની ગયાં.

**—સંકલન**

## ॥ ભારતનો આધારસ્તંભ : ધર્મ ॥

પ્રત્યેક દેશમાં, પ્રત્યેક જાતિ અને પ્રત્યેક પ્રજા પાસે એક વિશિષ્ટ આદર્શ હોય છે, જે તેમના સમગ્ર જીવનમાં એક મુખ્ય આદર્શ ઓતપ્રોત થયેલો દેખાય છે, જે પ્રજાના જીવનની કરોડરજ્જુ સમાન હોય છે. ભારતની કરોડરજ્જુ રાજનીતિ, લશ્કરી સત્તા, વાણિજ્યમાં પ્રાધાન્ય કે યંત્રવિદ્યાની પ્રતિભા નથી, પરંતુ ધર્મ છે. આપણું જે કાંઈ છે, અગર જે કાંઈ આપણે ઈચ્છીએ છીએ તે કેવળ ધર્મ જ છે. ભારતમાં સદૈવ આધ્યાત્મિકતા વિદ્યમાન રહી છે.

શારીરિક શક્તિમાં પ્રદર્શનો ખરેખર મહાન છે. વિજ્ઞાનમાં સાધનો વડે ચાલતાં યંત્રો દ્વારા દેખાતો બૌદ્ધિક વિકાસ પણ અદ્‌ભુત છે. છતાં જગત ઉપર આત્મા જે પ્રભાવ પાડે છે તે કરતાં વધુ શક્તિશાળી આમાંનું કશું નથી. આપણી પ્રજાનો ઈતિહાસ બતાવે છે કે ભારત હંમેશાં ખૂબ જ સક્રિય રહ્યું છે.

સમગ્ર જગતની દૃષ્ટિ આજે આધ્યાત્મિક પોષણ માટે આ ભારતની ભૂમિ તરફ વળી છે. માનવજાત માટેનો સર્વોચ્ચ આદર્શ માત્ર અહીં ભારતમાં જ છે. અને જે આદર્શ આપણા સંસ્કૃત સાહિત્યમાં અને દર્શનોમાં સંગ્રહિત છે. ભારતની જે વિશિષ્ટતા છે તે સમજવા માટે હવે પાશ્ચાત્ય વિદ્વાનો મથી રહ્યા છે.

ધાર્મિક સંશોધનોએ એ સત્યને પ્રગટ કર્યું છે કે એવો એક પણ દેશ નથી જેણે પોતાના શુભ નીતિનિયમો આપણી પાસેથી લીધા ન હોય. એક પણ ધર્મ એવો નથી જેણે આત્માની અમરતાના આ શુભ ભાવો. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, આપણી પાસેથી લીધા સિવાય અન્યથા મેળવ્યા હોય.

માનવના અસ્તિત્વની સમસ્યાઓનો ઉકેલ જગતને આપવા અર્થે પોતે સંપૂર્ણપણે તૈયાર રહેવાની એક મહાન નૈતિક જવાબદારી ભારતનાં સંતાનો ઉપર આવી પડી છે.

**—સ્વામી વિવેકાનંદ**

**(સ્વામી વિવેકાનંદ ગ્રંથમાળા મંત્રગાન)**

## ॥ રાષ્ટ્રવિકાસ માટે અધ્યાત્મદાન અનિવાર્ય ॥

હું સુધારામાં માનતો નથી; વિકાસમાં માનું છું. હું ઈશ્વરના સ્થાને બેસીને આપણા સમાજને હુકમ કરવાની હિંમત નથી કરતો કે, 'એય સમાજ ! તારે આ રીતે જ ચાલવું, પેલી રીતે નહિ.' હું તો રામના સેતુબંધના વખતની પેલી ખિસકોલી જેવો થવા માગું છું કે જેણે પુલ બાંધવામાં પોતાના હિસ્સાની રેત મૂકીને સંતોષ માન્યો હતો. મારી આ સ્થિતિ છે.

રાષ્ટ્રનું આ અદ્‌ભુત ચક્ર યુગોથી ચાલતું આવ્યું છે. રાષ્ટ્રીય જીવનની અદ્‌ભુત સરિતા આપણી સામે વહી રહી છે. કોણ જાણે છે અને કોની કહેવાની તાકાત છે કે સારું છે કે નહિ. હજારો સંજોગો એની પાસે ઊભા થતા આવે છે. એનાથી એને એક વિશિષ્ટ વેગ મળે છે; એ વેગ કોઈવાર ધીમો હોય છે. તો બીજીવાર ઝડપી હોય છે. કોની હિંમત છે એની ગતિનું નિયંત્રણ કરવાની ?

ગીતા કહે છે તેમ; 'આપણને તો કર્મ કરવાનો અધિકાર છે, તેનાં પરિણામોનો નહિ. રાષ્ટ્રીય જીવનને જે જોઈએ તે ઈંધણ ભલે પૂરું પાડો, પણ વિકાસ તો એ પોતાની મેળે જ કરે છે. આપણા સમાજમાં અનિષ્ટો અસંખ્ય છે. એ જૂના ઘર કરી ગયેલા વાત રોગ જેવું છે. એને પગમાંથી કાઢો તો એ પીઠમાં દેખાશે. ત્યાંથી કાઢો તો બીજે ક્યાંક દેખાશે. પ્રશ્ન એક જગ્યાએથી બીજી જગ્યાએ એની પાછળ પડવાનો છે, એટલો જ છે.'

અનિષ્ટોને સુધારવાનો પ્રયાસ કરવો એ સાચો રસ્તો નથી. આપણું તત્ત્વજ્ઞાન કહે છે કે અનિષ્ટ અને ઈષ્ટ સદાને માટે એકમેક સાથે જોડાયેલો છે. એક હોય તો બીજું હોય જ, સાગરમાં ચડતું મોજું અન્ય કોઈ સ્થળે પડતા ખાડાને ભોગે જ

ચડતું હોય છે. ના, આખું જીવન જ એક અનિષ્ટ છે. કોઈ અન્યને મારી નાખ્યા વિના શ્વાસ લઈ શકતું નથી. કોઈ અન્યના મોઢામાંથી કાઢી લીધા વિના એક કોળિયો સરખોય ભરી શકાતો નથી. નિયમ આ છે. તેથી આપણે જે કરી શકીએ તે માત્ર આટલું જ કે અનિષ્ટને સુધારવાનું કામ બહારના કરતાં અંદરનું વધુ છે. આપણે ગમે તેટલી મોટી વાતો કરીએ પણ અનિષ્ટોને મટાડવાનું કાર્ય પ્રત્યક્ષ કરતાં શૈક્ષણિક વધુ છે.

અનિષ્ટને અટકાવવાના કામમાં આ સમજણ જરૂરી છે. એ આપણને વધુ શાંત બનાવશે અને આપણા લોહીમાંથી સાંપ્રદાયિક ઝનૂન બહાર કાઢી નાખશે. જગતના ઈતિહાસે શીખવ્યું છે કે જ્યાં જ્યાં સાંપ્રદાયિક ઝનૂનથી સુધારાઓ દાખલ કરવામાં આવ્યા છે ત્યાં ત્યાં એનું પરિણામ, મૂળહેતુ માર્યો ગયો છે.

સ્વાતંત્ર્યની સ્થાપના માટે ગુલામીની પ્રથાનો અંત આણવાના અમેરિકાના આંતરવિગ્રહ કરતાં વધુ મોટા આંદોલનની કલ્પના કરવી કઠણ છે. તમે સહુ એ જાણો છો. પણ એનાં પરિણામ શાં આવ્યાં ? એ પ્રથાના અંત પહેલાં હતી એના કરતાં ગુલામીની સ્થિતિ અત્યારે સોગણી વધુ ખરાબ છે. દરેક ઝનૂની ચળવળ, પછી ભલે તેનો હેતુ સારું કરવાનો હોય; એનું પરિણામ આવું આવે છે એમ ઈતિહાસ બોલે છે. મેં એ જોયું છે મારા અનુભવે એ શીખવ્યું છે.

ભારતને સુધારકોની કદી ખોટ પડી છે ? રામાનુજ, શંકરાચાર્ય, નાનક, ચૈતન્ય, કબીર, દાદુ કોણ હતા ? આ બધા મહાન ઉપદેશકો આકાશગંગા માંહેના પ્રથમ કક્ષાના તારાઓની હારમાળા જેવા થઈ ગયા. એ બધાંના કાર્ય હજી પણ ચાલુ છે. તેમના મુખમાંથી માત્ર આશીર્વાદ વરસતા હતા. તેમણે કદી કોઈનો તિરસ્કાર ન હતો કર્યો. તેમણે એક જ લક્ષ્ય રાખેલું;

પ્રજાના વિકાસનું ! તેમણે એટલું જ કહ્યું કે; 'તમે જે કંઈ કર્યું છે તે સારું છે. પણ ભાઈઓ ! ચાલો, આપણે એથીયે વધુ સારું કરીએ.' તેમણે એમ ન કહ્યું કે, 'અરે, તમે અધમ થઈ ગયા છો, ચાલો હવે અમે તમને સુધારી દઈએ ?' તેમણે તો કહ્યું; 'તમે સારા છો, પણ ચાલો હવે વધુ સારા થઈએ.' બધો તફાવત એમાં રહેલો છે.

ભારતમાં કોઈપણ સુધારો આવતાં પહેલાં સૌથી પહેલું ધર્મનું ઉત્થાન કરવું જોઈએ. ભારતને સામાજિક કે રાજદ્વારી વિચારોથી ભરી દેતાં પહેલાં પ્રથમ આધ્યાત્મિક વિચારોથી દેશને તરબોળ કરી નાખો.

પહેલું કામ આપણાં ઉપનિષદોમાં, આપણાં શાસ્ત્રોમાં, આપણા પુરાણોમાં પુરાઈ રહેલાં અદ્‌ભુતમાં અદ્‌ભુત સત્યોને પુસ્તકોમાંથી, મઠોમાંથી, અરણ્યોમાંથી, લોકોની ચોક્કસ મંડળીઓના હાથમાંથી બહાર લાવવાનું છે. આખા દેશમાં બહોળો પ્રચાર કરવાનું છે.

આ બધાં સત્યો આખા દેશમાં એક ખૂણાથી બીજા ખૂણા સુધી, હિમાલયથી કન્યાકુમારી સુધી સિંધુથી બ્રહ્મપુત્રા સુધી ચોમેર સળગતી આગ પેઠે ફરી વળે તે કરવાનું છે. દરેક દરેક માણસને તેમના વિશે જ્ઞાન થઈ જવું જોઈએ. કારણ, કહેવાયું છે : 'આ આત્માનું શ્રવણ કરવું, મનન કરવું અને તેનો નિદિધ્યાસ કરવો.'

આપણા વ્યાસ મુનિ કહે છે : 'કલિયુગમાં એક જ કર્મ બાકી રહ્યું છે. યજ્ઞો અને ઘોર તપસ્યાઓ અત્યારે નિરુપયોગી છે. કર્મોમાંથી એક જ કરવા જેવું બાકી રહ્યું છે અને તે છે દાનકર્મ.' આ બધા દાનોમાં અધ્યાત્મ દાન, આધ્યાત્મિક જ્ઞાનનું દાન સર્વશ્રેષ્ઠ છે. ત્યાર પછી વિદ્યાદાન, પછી જીવનદાન અને ચોથું આવે અન્નદાન.

**—સંકલન**

# ॥ મારા દેશપ્રેમનો આદર્શ ॥

બધા લોકો દેશપ્રેમની વાતો કરે છે. હું પણ દેશપ્રેમમાં માનું છું. મારી પાસે પણ મારો પોતાનો દેશપ્રેમનો આદર્શ છે. મહાન આદર્શની સિદ્ધિ માટે ત્રણ વસ્તુઓની આવશ્યકતા હોય છે. પ્રથમ હૃદયપૂર્વકની લાગણી. બુદ્ધિ કે તર્કશક્તિમાં શું છે ? ચાર ડગલાં ચાલીને એ અટકે છે. પરંતુ હૃદય દ્વારા આવે છે અંતઃપ્રેરણા. પ્રેમથી અશક્યમાં અશક્ય શક્ય બને છે. વિશ્વનાં સર્વ રહસ્યોનું પ્રવેશદ્વાર છે પ્રેમ.

માટે મારા ભાવિ સુધારકો ! ભાવિ દેશપ્રેમીઓ ! લાગણી કેળવતાં શીખો. તમને લોકો માટે લાગણી છે ? આ કરોડોની સંખ્યામાં આપણા દેવોના અને ઋષિમુનિના વંશજો પશુત્વની નજીક પહોંચી ગયા છે. તમને એ માટે જરાય દિલમાં લાગી આવે છે ? આજે લાખો લોકો ભૂખે મરી રહ્યા છે. તેને માટે તમારા દિલમાં કંઈ થાય છે ? આ અજ્ઞાનનો અંધકાર આપણા દેશ પર ઘનઘોર વાદળાંની પેઠે છવાઈ ગયો છે તમને એ હલાવી નાખે છે. એ તમારા રક્તમાં પ્રવેશીને, તમારી નાડીઓ દ્વારા હૃદયના ધબકારાની સાથે તાલ પુરાવે છે ખરો ? આ સર્વનાશી દુઃખના એકમાત્ર ખ્યાલે તમને ભરખી લીધા છે ખરા ?

આને માટે તમે તમારું નામ, તમારો યશ, તમારી સંપત્તિ, તમારી સ્ત્રી, તમારાં બાળકો, અરે તમારો દેહ સુદ્ધાં વીસરી બેઠા છો ખરા ? તમે એવું કંઈ અનુભવ્યું છે ? દેશપ્રેમી થવાનું પહેલું પગથિયું જ આ છે.

હું અમેરિકા ગયો તે પેલી વિશ્વધર્મપરિષદ માટે નહીં પણ લોકો પ્રત્યેની કરુણાનું ભૂત મારા હૃદયમાં ભરાઈ બેઠું હતું તેથી. હું ભારતભરમાં બાર બાર વર્ષ સુધી ભટક્યો હતો પણ મારા દેશબાંધવોને માટે કાર્ય કરવાનો કોઈ રસ્તો મને મળતો નહોતો

એને કારણે હું અમેરિકા ગયેલો. વારુ, ત્યારે તમને કદાચ લાગણી તો થઈ. પણ કેવળ મોંએથી થૂંક ઉરાડવામાં તમારી શક્તિનો વ્યય કરવા કરતાં તમે કોઈ ઉપાય શોધી કાઢ્યો છે ? તિરસ્કારને બદલે સહાય, લોકોનાં દુઃખ દૂર કરવા માટે મીઠાશભર્યા વચનો, આ જીવતા નરકમાંથી તેમને બહાર કાઢવા કોઈ વ્યવહારુ ઉકેલ તમને જડ્યો છે ? અને છતાંય એ કંઈ સર્વસ્વ નથી.

તમારામાં પર્વત જેટલી મુશ્કેલીઓને પાર કરવાની ઈચ્છાશક્તિ છે ? દુનિયા આખી તમારી સામે હાથમાં તલવાર લઈને જો ખડી થઈ જાય તો પણ તમે જે સાચું માનો છો તે કરવાની તમારામાં હિંમત છે ? તમારાં સ્ત્રી પુત્રાદિ તમારી વિરુદ્ધમાં હોય, તમારી સંપત્તિ સર્વ સાફ થઈ જાય, તમારી કીર્તિ માથે પાણી ફરી વળે, તે છતાં તમારી માન્યતાને વળગી રહો ખરા ?

મહારાજા ભર્તુહરિ કહે છે : 'વ્યહારકુશળ માણસો તમારી નિંદા કરે કે પ્રશંસા લક્ષ્મીદેવી તમારી પાસે આવે કે તેની મરજી પડે ત્યાં ચાલી જાય. મૃત્યુ આજે આવે કે સો વર્ષે આવે. પણ ધૈર્યવાન પુરુષ સત્યના, ન્યાયના માર્ગેથી એક ડગલું પણ ચસકતો નથી.' તમારામાં એવી મક્કમતા છે ?

જો તમારામાં આ ત્રણ બાબતો હશે તો તમે ચમત્કારો બતાવી શકવાના. તમારે છાપાંઓમાં છપાવવા જવાની જરૂર નહીં રહે. તમારે ભાષણખોરીનીયે જરૂર નહિ પડે. તમારો ચહેરો જ દીપી ઊઠશે. તમે ગુફામાં રહેતા હશો તો પણ એ પથ્થરની દીવાલો સોંસરા તમારા વિચારો નીકળશે. સેકડો વર્ષો સુધી ગુંજતા ગુંજતા જગતભરમાં ઘૂમ્યા કરશે. અને અન્તે કોઈ એકના મગજમાં ચોંટી જઈને કદાચ ત્યાં કાર્યમાં પરિણમશે. વિચારની, સચ્ચાઈની અને શુદ્ધ હેતુની આવી શક્તિ છે.

**—સ્વામી શ્રીવિવેકાનંદ**

**(મારી ભાવિ યોજના)**

## ॥ પ્રત્યેક દેશવાસી : એક મહિમાવાન આત્મા ॥

મારો હેતુ દુનિયામાં અદ્વૈતવાદ કે દ્વૈતવાદ કે અન્ય કોઈ વાદનો પ્રચાર કરવાનો નથી. આજે આપણે માટે જે એક વાદની આવશ્યકતા છે તે તો આ આત્માની અદ્‌ભુત ભાવનાની. તેની શાશ્વત શક્તિની તેના શાશ્વત સામર્થ્યની, તેની શાશ્વત પવિત્રતાની અને પૂર્ણતાની.

જો મારે એક બાળક હોત તો જન્મથી જ હું તેને કહેવા માંડત કે, 'તું શુદ્ધ છો.' આપણા એક પુરાણમાં રાણી મદાલસાની સુંદર કથા છે. રાણી મદાલસા પોતાનું બાળક જન્મતાં જ, પારણામાં સુવાડી, હાલરડું ગાવા લાગી કે, 'તું શુદ્ધ છો. તું પવિત્ર છો. તું નિરંજન છો, તું જ્ઞાનમય છો. તું મહાન છો. તું શક્તિમાન છો.' આ વાતમાં ઘણું તથ્ય સમાયેલું છે. તમે મહાન છો એવી ભાવના કરવા માંડો એટલે તમે જરૂર મહાન થશો.

પણ તમારું લોહી, લોહી નથી. કેવળ પાણી છે. તમારા મગજોમાં કાદવ ભર્યો છે. તમારા શરીરો સાવ મુડદાલ છે ! તમારે એ શરીરને બદલી નાખવું જોઈએ. શારીરિક દુર્બળતા જ એનું કારણ છે, બીજું કાંઈ નહિ. છેલ્લાં સો વરસથી સુધારાની, આદર્શોની અને એવી ઘણી વાતો તમે કરતા આવ્યા છો, પણ જ્યારે પ્રત્યક્ષ કામ કરી બતાવવાનો વખત આવે છે ત્યારે તમારો ક્યાંય પત્તો જ લાગતો નથી. આખી દુનિયાને તમારા પ્રત્યે તુચ્છતાનો ભાવ આવી ગયો છે. તમારું નામ પણ હાંસીને પાત્ર થઈ પડ્યું છે ! એનું કારણ શું ? એનું એક જ કારણ છે કે તમે દુર્બળ છો, દુર્બળ છો, દુર્બળ છો. તમારું શરીર દુર્બળ છે.

તમારું મન દુર્બળ છે. તમને તમારી જાતમાં શ્રદ્ધા નથી.

મારા બંધુઓ ! હજારો વર્ષોથી ચાલ્યા આવતા જ્ઞાતિઓના, રાજાઓના, પરદેશીઓના અને તમારા પોતાના જ લોકોના કચડી નાખે એવા જુલમે તમારી શક્તિ શોષી લીધી છે. એણે તમારો મેરુદંડ ભાંગી નાખ્યો છે. તમે જાણે છુંદાયેલા અળશિયા જેવા થઈ ગયા છો ! તમારામાં શક્તિ કોણ લાવશે ? હું કહું છું આપણે જોઈએ સામર્થ્ય, બસ સામર્થ્ય ! બસ સામર્થ્ય મેળવવાનું પહેલું પગથિયું છે ઉપનિષદોને અપનાવવાનું. તમે માનવા લાગો કે 'હું આત્મા છું' 'મને તલવાર કાપી શકે નહિ, કોઈ હથિયાર છેદી શકે નહિ, અગ્નિ બાળી શકે નહિ, પવન સૂકવી શકે નહિ. હું સર્વશક્તિમાન છું, હું સર્વજ્ઞ છું.' આ પરમ પવિત્ર, ઉદ્ધારક શબ્દોનું તમે પારાયણ કરો, પુનરાવર્તન કરો.

એમ ન બોલો કે 'અમે નબળા છીએ.' કહો કે 'અમે બધું જ કરી શકીએ છીએ.' આપણા સહુમાં એક મહિમાવાન આત્મા છે, આપણે તેમાં શ્રદ્ધા રાખવી જોઈએ.

નચિકેતાની પેઠે શ્રદ્ધા રાખો. તેના પિતાના યજ્ઞ વખતે નચિકેતામાં શ્રદ્ધા જન્મી. હું તો એમ જ ઈચ્છું છું કે એવી શ્રદ્ધા તમારા દરેકમાં જાગો. તમારામાંનો એક એક જણ મહાન વ્યક્તિરૂપે તૈયાર થાય. આખી દુનિયાને હચમચાવી મૂકે એવી જબરદસ્ત બુદ્ધિવાળો થાય. સર્વ રીતે એક અનંત ઈશ્વર થઈને ઊભો રહે !

**—સંકલન**

**(સ્વામી વિવેકાનંદ ગ્રંથમાળા સંચયન પર આધારિત)**

## ।। વિશ્વને ભારતનો સંદેશ ।।

આ પૃથ્વી ઉપર કલ્યાણમયી પુણ્યભૂમિ તરીકે જેને ઓળખાવી શકાય, જ્યાં માનવતાએ ઉદારતા, પવિત્રતા તથા શાંતિની સર્વોચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી હોય, અંતર્મુખતાની અને આધ્યાત્મિકતાની જો કોઈ ભૂમિ હોય તો તે ભારતભૂમિ છે. ચારે દિશાઓમાં આ પૃથ્વીને આવરી લેનાર તત્ત્વજ્ઞાનની ભરતીના મહાન જુવાળનો આરંભ પૂર્વે આ ભૂમિ પરથી જ થયો હતો. બીજા દેશોમાં લાખોના હૃદયના મર્મભાગને બાળી રહેલો જડવાદનો ભડભડ બળતો દાવાનળ જેનાથી શાંત થઈ શકે તે જીવનદાયી શાંતિજળ આ ભૂમિમાં જ છે.

દુનિયાના અન્ય ભાગોમાં પણ સંસ્કૃતિઓ પેદા થઈ છે. એક પ્રજા પાસેથી બીજી પ્રજામાં અદ્‌ભુત ભાવનાઓ લઈ જવાઈ છે, મહાન સત્યોનાં બીજ બહાર વવાઈ ચૂક્યાં છે. પરંતુ એ બધું યુદ્ધના રણશીંગાના તુમુલ શબ્દે અને લશ્કરનાં ધાડાંઓની કૂચ વડે જ હાંસલ થયાં છે.

દરેક વિચારને લોહીના ધોધ વડે નવડાવવો પડ્યો હતો. દરેક વિચારને આપણા લાખો માનવબંધુઓના લોહીની નદીઓ ખૂંદીને આગળ વધવું પડ્યું છે. સત્તાના એકેએક શબ્દની પાછળ લાખોના આર્તનાદ, અનાથોની હૈયાવરાળ, વિધવાઓનાં આંસુઓ રહેલાં છે. બીજી પ્રજાઓ પાસેથી આ શીખવા મળ્યું છે. પરંતુ ભારત હજારો વર્ષોથી શાંતિથી રહ્યું છે. આપણે કદી વિજેતા તરીકે આગળ નથી આવ્યા. પણ આપણા ઉમદા વિચારોની ઉચ્ચારની પાછળ આશીર્વાદ અને આગળ શાંતિ

રહેલાં છે; જે સતત આપણા પર વરસ્યા છે એટલે જ આપણે જીવતા રહ્યા છીએ.

આપણી પ્રજાનું જીવનકાર્ય કદી રાજકીય મહત્તા કે લશ્કરી તાકાત નથી, હતું પણ નહિ, થશે પણ નહિ. પ્રજાની સમગ્ર આધ્યાત્મિક શક્તિ સંઘરી, જ્યારે જ્યારે સંજોગો સાનુકૂળ હોય ત્યારે ત્યારે એ સંગૃહિત શક્તિને દુનિયા ઉપર પૂરની પેઠે વહાવી દેવાનું ! સમગ્ર માનવજાતના વિકાસમાં ભારતના શાંત મગજે ફાળો આપવો જ જોઈએ, કેમકે જગત માટે ભારત આધ્યાત્મિક પ્રકાશનું દાન ભારત લઈને ઊભું છે.

માનવી, ઈશ્વર, પ્રકૃતિ વિશેની બધી અદ્ભુત, ઉદાત્ત, વિચારદૃષ્ટિ તળે રહેલા મહાન નિયમો ભારતમાં જ ઉત્પન્ન થયેલા છે આ દેશ અને દુનિયાનું મહાન સદ્ભાગ્ય હતું કે એક અવાજ ઊઠ્યો, જેણે જાહેર કર્યું કે, 'સંત એક જ છે, ઋષિઓ એને વિવિધ નામે બોલાવે છે.'

આટલા બધા વિવિધ સંપ્રદાયો એકબીજાના વિરોધી હોવા છતાં ખૂબ સુમેળથી રહે એ કેવળ અહીં જ દૃષ્ટિગોચર થતી, ધ્યાન ખેંચે તેવી ઘટના છે. જગતને આપણા થકી મળેલી આ મહાન સત્યની ભેટ છે.

જગતે હજી ભારત પાસેથી જે શીખવાનું છે, તે એકમાત્ર મહાન બોધપાઠ કેવળ સહિષ્ણુતાની ભાવનાઓ નહિ, પરંતુ સહાનુભૂતિની ભાવનાનો પણ છે.

**—સંકલન**

**(કૉલંબોમાં વિવેકાનંદે આપેલ ભાષણ પર આધારિત)**

## ।। યુદ્ધ : અનિવાર્ય દૂષણ ।।

મનુષ્યજીવનના કોશમાં 'યુદ્ધ' શબ્દથી વધારે ભયાવહ, અળખામણો શબ્દ બીજો એકે નથી; કેમકે 'યુદ્ધ' શબ્દ જ એની સાથે અમાનુષીપણા-અત્યાચાર, હિંસાખોરી, સ્વાર્થબુદ્ધિની સંકીર્ણતાનો ઘેરો અંધકાર ઘસડી આણે છે.

જ્યારે 'રક્તટપકતી સો સો ઝોળી સમરાંગણથી' આવતી હશે ત્યારે કેટકેટલી આંખો એકધારા અશ્રુપાતથી ધૂંધળી બની જતી હશે. કેટકેટલાંના ડૂમા-ડુસકાથી એમના સ્વજનોના કંઠ રૂંધાઈ જતા હશે. સાથી-સંગી વિનાનાં અધૂરાં સ્વપ્ન કેટકેટલાંના રોળાઈ જતાં હશે. એક વ્યક્તિનું જવું, નામશેષ થઈ જવું કેટકેટલાના જીવનમાં ભીષણ એકલતાનું તાંડવ મચાવી જતું હશે. કેટકેટલી માતાઓ પુત્ર ગુમાવવાની કારમી વ્યથાથી પિડાતી, એક હાથે પોતાનાં તો બીજા હાથે પોતાની પુત્રવધૂઓનાં આંસુ લૂછતી, હતપ્રભ થઈ ગયેલા બાળકોને રિઝવવા નિષ્ફળ પ્રયત્ન કરવામાં વ્યસ્ત થઈ જતી હશે.

રાષ્ટ્ર માટે ફના થઈ જનાર એક શહીદ એની પાછળ કેટકેટલાં વેદના, આક્રંદ, ચીસો, વ્યથાના ચિત્કારો, વિલાપોનો દિવસો, મહિના, વર્ષો નહિ, આખી જિન્દગી-આયુષ્યભરનો પરિતાપ મૂકી જાય છે ! આ હિસાબ લગાવવા જતાં જ આપણાં કાળજાં કંપી જાય છે.

છતાં શહીદો શહાદત કબૂલતા જાય છે. માતાઓ રણાંગણે પુત્રોને મોકલતી રહે છે, પત્નીઓ પતિઓને વિદાય તિલક કરતી રહી છે. બહેનો તેમના વીરાઓને રાખડીઓ પોતાની નહિ પણ

દેશની રક્ષા કરવા કાજ બાંધતી રહી છે. આ મંગલ, પવિત્ર દૃશ્ય એ કોઈપણ દેશના ગૌરવનું ઊંચામાં ઊંચું માનવતાનું શિખર છે, દેશપ્રેમ પ્રત્યેક દેશવાસીની નસોમાં પ્રબળ વેગથી વહી આ કામો કરાવી લે છે. આ સર્વ આપણા વંદનના-પ્રણામના અધિકારી છે. આ સર્વની અભિતા, ઓળખાણ-પિછાન-પરિચય આપણી સંવેદનશીલતાની પરીક્ષા લઈ લે છે.

શું આપણે એટલા બધા સંવેદનજડ છીએ કે, આવા સમર્પણશીલ આત્માઓના અસ્તિત્વની નોંધ લેવાનું પણ વિસરી જઈએ ? એમને કેવળ ‘નમસ્તે’ કહીને અટકી જઈએ ? એમને નમન કરવા જતાં, વંદન કરવા જતાં, એકસામટા કેટલા બધા વિચારો સામટા આવી આપણા ચિત્તમાં ઉપદ્રવ મચાવી દે છે.

યુદ્ધ ધર્મ માટે, સત્ય માટે, પ્રેમ માટે, ગમે તે માટે હોય પણ એ હિંસક હોવાથી, એને કોઈપણ રીતે ટાળવું એમાં જ મનુષ્યતા-માનવતા રહેલી છે. યુદ્ધ કરવું જ પડે તો ઓછામાં ઓછો સંહાર એ તો એનું લક્ષ્ય હોવું જ જોઈએ. શાંતિ સ્થાપવા થતાં યુદ્ધોમાંથી કેટલા બધાં અશાંતિ-અજંપો ઊભાં થાય છે, એ બેહિસાબ છે જે કોઈપણ રીતે ન્યાય્ય ન ઠેરવી શકાય જિંદગીભર યુદ્ધોમાં જ રત રહેનાર એક સેનાપતિએ રણભૂમિમાં પોતાનો અંતિમ શ્વાસ લેતાં કહેલું; ‘હે પ્રભુ, તેં મને એકવાર પણ આ અસીમ આકાશ સામે દૃષ્ટિ ઊંચકવાનો અવસર આપ્યો હોત તો અગણિત યુદ્ધોની હિંસક, લોહિયાળ, ભયાનક પ્રવૃત્તિમાં હું મારું જીવન નિરર્થક ન કરત.’

**—સંકલન**

## ॥ ટૉલ્સ્ટૉયકૃત ‘વૉર એન્ડ પીસ’નો સંદેશ ॥

સેનાની બંદૂક છોડીને કલમ પકડનાર લિઓ ટૉલ્સ્ટૉય વૉર એન્ડ પીસ અને અન્ના કેરેનિના બે પુસ્તકોથી ૧૯મી સદીમાં વિશ્વના ક્લાસિક અને મહાન લેખક જાહેર થયા.

ગાંધીજીએ કહ્યું; ‘ટૉલ્સ્ટૉયે દરેક સ્થળે મારી રક્ષા કરી. નહિતર આફ્રિકાના સંઘર્ષ દરમિયાન હિંસા તરફ ઝૂકી જવાના ખ્યાલો આવતા રહ્યા.’

પુસ્તકોની વિશાળ દુનિયા આપણી આજુબાજુની વાસ્તવિકતાને સમજાવે છે. પુસ્તકો વ્યક્તિને બનાવે છે અને વ્યક્તિ સમાજને ! એક તર્કસંગત-વિવેકપૂર્ણ દુનિયા. મનુષ્યને મનુષ્ય પ્રત્યે સંવેદનશીલ બનવા પ્રેરે છે.

ટૉલ્સ્ટૉય જેવા લેખક અને એમની કૃતિ સમાજની ભીતર મનુષ્યને હિંસા-યુદ્ધનાં પરિણામો પરત્વે સભાન કરે છે.

લેખકશ્રી સ્વયં કહે છે તેમ;

‘આ રચનાનો જીવનની જેમ આરંભ નથી કે અંત પણ નથી. આ તો શાશ્વત ગતિશીલતામાં સ્વયં જીવન છે. ૧૯મી સદીનું ભવ્ય સ્મારક, એનો મુગટ !’

‘ટૉલ્સ્ટૉયથી વધારે સુંદર યુદ્ધ વિશે વિશ્વભરમાં કોઈએ લખ્યું નથી.’

શ્રી અર્નેસ્ટ હેમિંગ્વેના આ શબ્દો સંપૂર્ણતયા યથાર્થ છે.

યુરોપમાં કોઈ લેખક સાથે ટૉલ્સ્ટોયની તુલના ન થઈ શકે. એવું ગહન, સૂક્ષ્મ તેનું જીવનદર્શન છે.

જ્યારે લોકો સાથે રહી આનંદથી કામ કરે છે સંઘર્ષ વિના. દુશ્મનોને તિરસ્કારવામાં સમાજ એકતા પર ભાર મૂકે છે. અભિમાન અને મહત્ત્વાકાંક્ષામાં વિનાશાત્મક સ્વરૂપ જીવન સાથે પોતાની શરતે શાંતિપૂર્ણ સાયુજ્ય સાથે યુદ્ધની ભયાનકતા સામે વિદ્રોહ અને શાંતિકરણની પ્રક્રિયા અંગે ટૉલ્સ્ટૉય વિસ્મય અનુભવે છે જીવનના અર્થ અને તેની સુખની તલાશ માટે ! તે દલીલ કરે છે કે ભૌતિક સામર્થ્ય સંપત્તિની શોધ અને સુખ-સાર્થકતા મેળવવાનો કોઈ ઉપાય નથી.

શાંતિથી જ એનો અંત લાવી શકાય. શરણાગતિ, સામનો એ બંધ-યુદ્ધની સ્થિતિ જાળવવા માટેના છાનાં આયુધો છે !

જીવન સાર્થક કરવા બધાં જ પાત્રો મથે છે. સહન કરવાની શક્તિ ખૂટી જાય પછી સુખમય જીવન જણાય.

એનો કેન્દ્રવર્તી વિચાર 'આપણે બધા મનુષ્યો આપણે એ ઈતિહાસ લખી રહ્યા છીએ, જેને વિશે આવનારી પેઢીઓ વાંચશે.' આપણને એનો ખ્યાલ નથી હોતો. આપણે જે કંઈ પણ કરીએ છીએ એની એના પર છાપ પડે છે, એ નિશાન પછી મિટાવી પણ નંખાય. કશું જ ચોક્કસ નથી જ્યાં સુધી તે છે.

આ માત્ર નવલકથા નથી. જીવનની માર્ગદર્શિકા છે. ટૉલ્સ્ટૉય નક્કી-નિર્ણિત ઉત્તરો નથી આપતા જીવનની પ્રત્યેક પરિસ્થિતિ-જીવનના વલણ લેખે રજૂ કરે છે.

હકીકતમાં યુદ્ધો સામાન્ય રીતે પૂર્ણ થાય છે જ્યારે એક પક્ષ જીતે છે અથવા એક પક્ષ યુદ્ધનો ચોક્કસ સૂચક થાક અનુભવે છે. આ રીતે પ્રથમ વિશ્વયુદ્ધનો તત્કાલીન-તાત્કાલિક અંત આવે

છે કેમકે, ચોખ્ખો વિજય કોઈનો ન હતો. કાયદાકીય કરાર બંને પક્ષોનો હોય છે જે ઔપચારિક રીતે બે પક્ષો વચ્ચેની યુદ્ધની અવસ્થાનો અંત આણે છે. યુદ્ધ અને હિંસાની વિભીષિકા વ્યક્તિગત તેમજ સમાજની સમગ્રતાથી કઈ રીતે નાશ પામી શકે ? યુદ્ધ માત્ર રાજકીય જ નહિ નૈતિક મુદ્દો છે જે સંઘર્ષો ટાળવા અહિંસક રસ્તાઓ શોધવા લોકો માટે અનિવાર્ય છે.

પ્લેટોએ કહ્યું છે 'Only the dead have seen the end of war'

કુટુંબજીવનની અગત્ય, જીવનના અર્થની શોધ, માનવીય હેતુઓ-ઉદ્દેશોની તર્કવિહીનતા, સામાજિક પરિવર્તન. આ બધા મુદ્દાઓને લેખક સ્પર્શે છે.

જે શક્ય કે સંભવિત છે તેનું જ્ઞાન એ સુખનો આરંભ છે.

યુદ્ધનાં પરિણામો-હયાત સામાજિક સંરચનાઓ-વ્યવસ્થા ખાડે જેવી, તાણ અને ભીંસમાં વસતીને ઘસડવી. આરોગ્યને કથળતું રોકવા વસ્તીનું નિયંત્રણ કરવું, અને જે સીધા લક્ષ્યે ન હોય છતાં શારીરિક, માનસિક રુગ્ણતાના શિકાર બન્યા હોય.

રાજકીય-લશ્કરી કક્ષાએ સંઘર્ષ બંને પક્ષમાં રહે છે. યુદ્ધને કારણે પ્રજાઓ-પરિવારોનો નાશ થાય છે એમના રાષ્ટ્રના સામાજિક-આર્થિક બંધારણનો વિકાસ રૂંધાય છે. બાળકો-યુવાનોને શારીરિક-માનસિક ક્ષતિ પહોંચાડે છે. પદાર્થો તેમજ માનવીય મૂડીમાં ઘટાડો કરે છે.

અત્યંત અચોક્કસતાની સ્થિતિમાં શારીરિક અને માનસિક અખતરાઓની પ્રક્રિયા 'યુદ્ધ' છે. લશ્કરી શક્તિ અને આદર્શ

'મૂલ્ય-મૂલ્યાંકન' વિહીનતાનો બદલાવ છે.

મોટે ભાગે પ્રદેશની બાબતમાં સમાધાન થતાં યુદ્ધ એક માત્ર સંઘર્ષ નિવારવા યુદ્ધમાં નાગરિકોની સ્વાધીનતા છીનવાઈ જાય છે કટોકટી કે લશ્કરી બળના કાયદામાં વાણીસ્વાતંત્ર્ય અને પસંદગીની મુક્તિ. તેમજ રાજકીય તેમજ બીજી સામાજિક પ્રવૃત્તિઓ પર બંધના આંતરિક તેમજ બાહ્ય રીતે દુશ્મનની પ્રતિમાઓ ઊભી કરાય છે.

સૈનિકો અને નાગરિકોનો અનુભવ યુદ્ધસંદર્ભમાં અલગ અલગ ! શાંતિ વિના કોઈ રાષ્ટ્ર કે વ્યક્તિ આગળ વધી શકે નહિ. શાંતિદાયક વાતાવરણમાં જ માનવજાતિના વિકાસના ઊંચા સ્તર પ્રાપ્ત થઈ શકે. શાંતિ વિનાનો સમાજ એટલે જંગલી, અસભ્ય, નિસ્તેજ, પ્રાકૃત અને બિભત્સ !

હિંસક સંઘર્ષનો અટકાવ થાય, શાંતિ સ્થપાય.

આક્રમણ કે ખલેલની ગેરહાજરી હોય લોકો વચ્ચે સમ્માન ન્યાય અને શુભેચ્છાઓના સંબંધ સ્થપાય એ જરૂરી છે. એકબીજાનાં સંતાનોનો સંહાર કરીને પરસ્પર પ્રેમથી શાંતિથી સાથે રહેવાનો સંદેશ આપી ન શકાય. આપણે જાતને વફાદાર રહેવા, અન્યને વફાદાર રહેવા, સમસ્યાજનક સરકારનો પ્રતિરોધ, અન્યાયનો બદલો, સુધાર, બેકારોમાં ઘટાડો કરવા યુદ્ધો કરીએ છીએ. પણ જીવનનો હ્રાસ, નગરોનો નાશ, આઘાતો, નિરાશાઓ, બીમારીઓ, સંવેદનાજન્ય વ્યાધિઓ ભય-ચિંતાનો ઓથાર સર્જી હાહાકાર કરી મૂકીએ છીએ. એવા વાતાવરણમાં માનવજીવન અભિશાપ બની જાય છે.

**—સંકલન**

## ॥ 'સિઆચેન' : અદ્‌ભુત સૈનિક ગાથા ॥

'સિઆચેન' વિશ્વના સૌથી વિષમ યુદ્ધક્ષેત્રની કપરી મુલાકાત લઈને લખાયેલું શ્રીહર્ષલ પુષ્કર્ણાનું અદ્‌ભુત પુસ્તક છે.

આપણા જમ્મુ-કાશ્મીરના આશરે ૮૭૦૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા લદાખ જિલ્લાના પાટનગર લેહની ઉત્તરે 'ખર્દુંગ લા' નામનો ૫૬૦૦ મીટર ઊંચો પહાડી ઘાટ છે, જે નુબ્રા ખીણ પ્રદેશનું 'પ્રવેશદ્વાર' છે.

નુબ્રાવાસીઓની છોટીસી દુનિયા વારશી ગામે પૂરી થાય એ પછી કેટલાક કિલોમીટર ઉત્તરે વળી એક નવી દુનિયાનો આરંભ થાય છે, જેનું નામ છે 'સિઆચેન !' આ દુનિયા ભારતના એ શેરદિલ સૈનિકોની છે, જેઓ સરેરાશ ૬૦૦૦ મીટર (૧૯૭૦૦ ફીટ) ઊંચા હિમપહાડોમાં આવેલી લશ્કરી ચોકીઓમાં દિવસરાત ખડેપગે આપણી સરહદનું રખોપું કરે છે.

આ પુસ્તક જગતની સૌથી ઊંચી યુદ્ધભૂમિ સિઆચેનનું વ્યૂહાત્મક વિશ્લેષણ તો છે જ, ઉપરાંત એક એવી પ્રવાસ-કમ-પ્રસંગકથા છે કે જેના હિરો ભારતીય ખુશ્કીદળના શેરદિલ સીમાપ્રહરીઓ છે. સાહસ, શૌર્ય, વતનપરસ્તી, ફરજપાલન, નિષ્ઠા, દેશદાઝ વગેરે શબ્દોનાં તેઓ 'જીવંત ઉદાહરણો' છે. હિમપહાડોમાં સરહદી ચોકીપહેરાનું અત્યંત કષ્ટદાયક તેમજ પડકારજનક કર્મ કરી, બદલામાં નામ કે ખ્યાતિની લેશમાત્ર સ્પૃહા વિના ગીતાના 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન'ના

સૂત્રનો જીવનમંત્ર તરીકે અમલ કરે છે.

'સિઆચેન'માં શૂન્ય નીચે ૨૦ થી ૫૫ અંશ સેલ્શિઅસની ગાત્રો થિજાવી દેતી ઠંડી વચ્ચે આપણા સીમાપ્રહરીઓ શી કામગીરી કેવા પ્રકારની તકલીફો વચ્ચે બજાવે છે. પરિવારથી સેંકડો-હજારો કિલોમીટર છેટે સાવ એકલાઅટૂલા રહેવાનું તેમને કેવું વસમું લાગે છે. શારીરિક ઉપરાંત માનસિક રીતે પણ તેમની કેટકેટલી કસોટીઓ લેવાય છે, એ તમામ બાબતોથી દેશની સરેરાશ પ્રજાને માહિતગાર કરવાના ઉમદા આશયથી લેખકશ્રીએ લદાખથી કુલ પાંચ વખત રૂબરૂ મુલાકાત લઈ, તેને આધારે આ પુસ્તક લખ્યું છે.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૨૬ જાન્યુ.૨૦૧૭ના રોજ પ્રગટ થઈ, ૭ મહિનામાં તેની ૫૦૦૦ નકલો ખપી ગયેલી. બીજી સંવર્ધિત આવૃત્તિ સપ્ટે'૧૭માં પ્રગટ કરવી પડી.

લેખક શ્રી હર્ષલ પુષ્કર્ણાના રાષ્ટ્રવાદી અભિગમના સંસ્કારોએ તેમને આ પુસ્તક લખવાની પ્રેરણા આપી, તેઓશ્રી 'ગુજરાતી પત્રકારત્વના બે દિગ્ગજ કલમયોગીઓ : વિજયગુપ્ત મૌર્ય (દાદા)ને તથા નગેન્દ્ર વિજય (પિતા) ને અંતઃકરણથી નમન કરી. બંને સરસ્વતીપુત્રોની વંદના કરી; પુસ્તકનો પ્રારંભ કરે છે. પરિણામે સમગ્ર રાષ્ટ્રને એક ઉત્તમ નજરાણું પ્રાપ્ત થાય છે.' પ્રત્યેક રાષ્ટ્રપ્રિય વ્યક્તિને માટે તે પ્રેરણાદાયક છે.

**—સંકલન**

## ।। 'સિંહપુરુષ' : નાયકકેન્દ્રી નવલકથા ।।

આ મહાન દેશમાં કોઈક સમયે એક મહાન માણસ થઈ ગયો હતો. જેનું નામ હતું : વિનાયક દામોદર સાવરકર.

'સિંહપુરુષ' નવલકથા લેખકશ્રી ડૉ.શરદ ઠાકરના હૃદયમાંથી ટપકેલી એક નરપુંગવ પ્રત્યેની આ પ્રેમકથા છે.

આંખોમાં આંસુ અને કલમમાં ખૂન ભરીને લખાયેલી આ નવલકથા બીજું કશું જ નથી, પણ સમયના પટ ઉપર ઘેટાં-બકરાંનાં ટોળાં વચ્ચેથી પગલાં પાડીને ચાલી ગયેલા એક સિંહ જેવા પુરુષની 'ફૂટપ્રિન્ટ' છે.

એ નરબંકાએ જુવાનીના ઉંબરા પર પગ મૂકતાં પહેલાં મા ભવાનીની મૂર્તિ સમક્ષ પ્રતિજ્ઞા લીધેલી કે માતૃભૂમિની આઝાદી માટે એ પોતાનું સમગ્ર જીવન અર્પણ કરશે અને જરૂર પડ્યે એમના સહિત ત્રણેય ભાઈઓ પણ મૃત્યુના દ્વાર ઉપર જિંદગીઓ ધરી દેતાં ખચકાશે નહિ.

તા.૨૪-૮-૨૦૦૮ના રોજ વડોદરાના સભાગૃહમાં 'સિંહપુરુષ'નું લોકાર્પણ યોજવામાં આવ્યું. એના પ્રાગટ્યના પ્રથમ ચોવીસ કલાકમાં જ તેની પાંચ હજાર પ્રતો વેચાઈ ગઈ. આ ગુજરાતી સાહિત્યનું સીમાચિહ્ન છે, માત્ર પાંચ હજારના આંકડા સંદર્ભે નહિ, પુસ્તકના વીર નાયક સાવરકરના સંદર્ભમાં.

ગુજરાત ગાંધી-સરદારની જન્મભૂમિ-કર્મભૂમિ મનાય છે. એવા માહોલમાં 'સશસ્ત્ર ક્રાંતિના પ્રખર સમર્થક સ્વાતંત્ર્યવીર સાવરકરનું જીવન અને કર્મ ગુજરાતી જનતાને અભૂતપૂર્વ રીતે આકર્ષે છે. એટલે એ કૃતિના સર્જક ડૉ.શરદ ઠાકરથી સહજ કહેવાઈ જાય છે : 'સિંહપુરુષની રાષ્ટ્રવાદી ગર્જનાને એવી જ પ્રચંડ ડણક સાથે ઝીલનારા તમામ દેશપ્રેમી વાચક મિત્રોનો પ્રેમ નત્ મસ્તકે હું માથે ચડાવું છું.''

### ।। વીર સાવરકરને મહાનુભાવોએ આપેલી અંજલિઓ ।।

'આ સિંહપુરુષનાં પદચિહ્નો ધૂળમાં પડેલી પગલીઓ નથી, પથ્થર પર કોતરાયેલી મુદ્રાઓ છે.

'વીર તો બહુ થયા અને ભવિષ્યમાં થશે પણ ખરા. પરંતુ

આમના જેવા નહિ.' આ ઉક્તિને સાર્થક ઠેરવે એવા નરશાર્દૂલ એટલે જ 'વીર સાવરકર.'

*

શ્રી અટલ બિહારી બાજપેયીએ કહ્યું; 'સાવરકર એ કોઈ ખાસ વ્યક્તિનું નામ નથી. સાવરકર એ તપ છે, તેજ છે, તલવાર છે, ત્યાગ છે, તપસ્યા છે. વીર સાવરકરનો અર્થ થાય છે સાહસ, સંકલ્પ, શૌર્ય, સંઘર્ષ, સંગઠન, સહનશીલતા અને સૃજન.'

*

ધાર્મિક યાત્રાળુઓ માટે ભલે કેદારનાથ, બદ્રીનાથ, કાશી અને રામેશ્વર જેવા તીર્થધામ હશે. પરંતુ દેશભક્તો માટે તો એક જ તીર્થધામ છે : આંદામાન. એમાં પોર્ટ બ્લેયરની સેલ્યુલર જેલ, એની ઓરડી, જેમાં સાવરકરને રાખવામાં આવેલા. છત્રપતિ શિવાજી અને મહારાણા પ્રતાપની લગોલગ બેસી શકે તેવી પરાક્રમી પ્રતિમા !

**॥ વીર સાવરકરના જીવનના કેટલાક પ્રેરણાદાયી પ્રસંગો ॥**

દામોદર પંતે વિનાયકને-સાવકરને કહ્યું; એક શહીદના પિતાએ કહ્યું; 'મા નથી તો શું થઈ ગયું ? આ ભવાની તમારી મા છે. આ ભારતમાતા તમારી મા છે.'

*

બૅરિસ્ટરનાં કપડામાં પતિને જોવા ઉત્સુક પત્ની પતિને કેદીનાં કપડામાં જોઈને રડી પડી. ત્યારે વિનાયકે યમુનાને કહ્યું; 'એમાં રડે છે શું ? આ કેદીનાં કપડાં મારા દેહને ઠંડીની સામે રક્ષણ આપવાની મૂળભૂત જરૂરિયાત તો પૂરી કરી જ રહ્યાં છે ને ?'

જો તને માનવજીવનની ક્ષુલ્લક ચીજો પ્રત્યે ક્યારેય આસક્તિ જાગે તો પળવાર માટે વિચાર કરજે. જો તને એવું લાગે કે જિંદગી એટલે બાળકો જણવાં ને ઉછેરવાં એટલું જ છે તો સમજી લેજે કે એવાં કામ તો ગાયો અને ચકલાં પણ કરી જાણે છે. પણ જો તું જિંદગીને એના વિશાળ અર્થમાં સમજી શકે તો સમજજે કે આપણે સાચાં મનુષ્યો તરીકે જીવી જાણ્યું છે.

આપણે આપણા રસોડામાં સળગતો અગ્નિ સ્વહસ્તે એટલા માટે બુઝાવી નાખ્યો છે કે એના કારણે દેશના હજારો ઘરોમાંથી

કોઈક સુવર્ણમય ધૂમ્રસેર ઊઠી શકે.

*

'દવાનું ક્યાં પૂછો છો ? મને તો મળત્યાગ માટે રાત્રે કોટડીની બહાર નીકળવાની છૂટ પણ નથી આપતા આખી રાત મારી બંધ કોટડીમાં ઝાડા થાય છે. થાકીને અશક્ત થઈ જાઉં ત્યારે એ ખાબોચિયામાં જ આડો પડીને સૂઈ જાઉં છું. સવારે જાજરૂ સાફ કરવાવાળો આવે એને પગે પડું છું તો પણ મારી કોટડી સાફ નથી કરતો. અરે મને સાવરણો-પાણી પણ નથી આપવામાં આવતાં. હું ખોબે ખોબે બધું પ્રવાહી...'

*

મૃત્યુની આડે ફક્ત થોડાક જ દિવસ બચ્યા હતા. વીર સાવરકરને એનો પૂર્વાભાસ થઈ ચૂક્યો હતો. એક સવારે બારી પાસે બેઠેલ સાવરકરે બે બાળકોને પાઠશાળાએ જઈ રહેલાં જોઈ પોતાના અંગત સચિવને કહ્યું; 'બાલરાવ. એ ભવિષ્ય કેટલું ઉજ્જવળ હશે જ્યારે પ્રત્યેક હિંદુ પરિવારમાંથી સવાર પડતાંની સાથે બે દીકરાઓ ઘરની બહાર પગ મૂકશે; જેમાંનો એક પારંપારિક વસ્ત્રોમાં સજ્જ થઈને, કપાળમાં તિલક લગાવીને, હાથમાં શાસ્ત્રનાં પુસ્તકો લઈને ગુરુકુળની દિશામાં પ્રસ્થાન કરતો હશે. અને બીજો યુવાન ફોજી ગણવેશમાં સજ્જ, લશ્કરના બૂટ પહેરી, ખભે બંદૂક મૂકીને છાવણીની દિશામાં કૂચકદમ કરતો જઈ રહ્યો હશે ! આ મારા સપનાનું ભારત છે. મોટો થઈને દરેક પુત્ર ચાણક્ય અથવા સમર્થ ગુરુ રામદાસ બને અને બીજો દીકરો ચંદ્રગુપ્ત અથવા શિવાજી બને !'

## ઉપસંહાર

વીર સાવરકરના જીવન-વિચારોમાં ગુજરાતની યુવાન પેઢીને ખૂબ રસ પડ્યો છે. તમામ ધર્મો, સંપ્રદાયોના સંતો, સ્વામીજીઓ, વડાઓએ આ પુસ્તકની નકલો સામે ચાલીને, ખરીદીને વાંચી છે અને લેખકશ્રી પર અનરાધાર આશીર્વાદ વરસાવ્યા છે.

પ.પૂ.શ્રી સત્યમિત્રાનંદજીએ તો ઊલટભેર અભિનંદન આપતાં કહ્યું; 'ડૉક્ટર..વીર સાવરકરજી જેવા આડે હાથે મૂકી દેવાયેલા એક અણીશુદ્ધ દેશભક્ત વિષે આવું સુંદર પુસ્તક લખીને તમે બહુ મોટી હિંમત દાખવી છે. ભારતપ્રેમી જનતા પર તમારું સદૈવ ઋણ રહેશે.'

—સંકલન

# ॥ યુદ્ધનો સુખદ અંત ॥

૧૯૬૫માં ભારત-પાકિસ્તાન વચ્ચે અથડામણ થઈ ત્યારે સ્થાયી શાંતિ સ્થાપવા માટે ભારતના વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી અને પાકિસ્તાનના પ્રમુખ અયૂબખાન રશિયાના તાશ્કંદ શહેરમાં મળ્યા. દિવસો સુધી ખંતથી કામ કરીને છેવટે ઉભય પક્ષે માન્ય એવા 'શાંતિકરાર' ઉપર સહી કરીને જંપ્યા.

યુદ્ધ લડ્યાનો શ્રમ અને શાંતિ લાવ્યાનો પરિશ્રમ સૌ અનુભવતા હતા. સાથે સાથે સુખદ અંતનો સંતોષ સૌના હૃદયમાં હતો.

છેલ્લી રાત્રે, છેલ્લી ઘડીએ બંને રાજપુરુષો એકબીજાની સામે ઊભા હતા અને હાથ મિલાવવા લાંબા કર્યા. ત્યારે શાસ્ત્રીજીએ સહજ સ્ફુરણાથી સુંદર શબ્દો ઉચ્ચાર્યા અને કહ્યું 'ખુદા હાફિજ'. તેઓ 'ગુડ નાઈટ' કહી શક્યા હોત ! મુસ્લિમ પ્રમુખ આશીર્વાદના શબ્દો ઓળખી ગયા એની કદર સાથે શ્રદ્ધા સાથે એ પવિત્ર શબ્દોનો પડઘો પાડીને બોલ્યા : 'હાફિજ ખુદા.'

આ શબ્દોનું સ્થાન હવે ઈતિહાસમાં છે. એક શાણા, ભલા, કુશળ, ઉદાર માનવીના છેલ્લા શબ્દો તરીકે એ માનવતાના ઈતિહાસના અનંત ગ્રંથમાં નોંધાયેલા છે.

યુદ્ધમાં જે અણનમ રહ્યા. શાંતિ-સુલેહ માટે ઇન્તેજાર રહ્યા અને અલવિદાના સૌમ્ય હૂંફભર્યા શબ્દો વાપરવા જાગ્રત અને સંવેદનશીલ બન્યા હતા. એમના હોઠ પર 'ખુદા' શબ્દ શાંતિ-પ્રેમની સંજ્ઞાવાળો બન્યો શાશ્વત રહ્યો.

તાશ્કંદમાં જ એમનો દેહ છૂટ્યો. હૃદયના હુમલાથી મૃત્યુ !

—સંકલન

## ॥ લશ્કરી મોરચે જ નહિ, અંતરાત્માના સ્તરે પણ ઝળઝળ ॥

[ભારતીય લશ્કરના સર્વોચ્ચ પદે પહોંચેલા (ગુજરાતી) ભારતના પ્રથમ ચીફ ઑફ આર્મી સ્ટાફ જામનગરના શ્રી રાજેન્દ્રસિંહ જાડેજા હતા. ૧૫ જૂન ૧૮૯૯માં સરોદરમાં જન્મેલા તેમનું મૃત્યુ ૧ જાન્યુઆરી ૧૯૬૪ મુંબઈમાં થયું.]

[રાજકોટની રાજકુમાર કૉલેજમાં ભણ્યા પછી ઈંગ્લેન્ડમાં 'મેલવર્ન કૉલેજ'માં ભણ્યા. તીરંદાજીમાં રસ હોવાથી ૧૯૧૯માં સેન્ડહર્સ્ટ લશ્કરી કૉલેજમાં જોડાયા. ૧૯૨૧માં ૨૨ વર્ષની વયે કારકિર્દી નક્કી કરી લીધી.

બ્રિટીશ ભારતીય લશ્કર-અમેરિકામાં લશ્કરી એટેચી બન્યા, સૈન્યમાં ઊંચું સન્માન મળ્યું. રસોઈકળા, વાચનનો શોખ આજીવન રહ્યો.']

### ॥ બે અત્યંત પ્રેરણાદાયી પ્રસંગો ॥

આઝાદી પછી વડાપ્રધાન નેહરુએ તેમને બોલાવીને કહ્યું; 'રાજાસાહેબ, તમે સહમતી આપો તો હું તમને ભારતના 'કમાન્ડર ઈન ચીફ' બનાવતા ઑર્ડર પર સહી કરી આપું.' ત્યારે લશ્કરી શિસ્તને શોભે એવો જવાબ આપતાં તેમણે કહ્યું; 'સર, જનરલ કરિઅપ્પા મારા સિનિયર છે અને ભારતીય સૈન્યની કમાન સંભાળવા સંપૂર્ણપણે સક્ષમ છે. આ પદ એમને જ મળવું જોઈએ.'

(૧૯૫૩માં કરિઅપ્પા નિવૃત્ત થયા પછી રાજેન્દ્રસિંહ કમાન્ડર ઈન ચીફ બન્યા)

*

થોડાં વર્ષો પછી એમની ઉદારતાનો બીજો પ્રસંગ આવ્યો. જનરલ રાજેન્દ્રસિંહ 'આર્મી ચીફ' (ચીફ ઑફ ધ આર્મી) હતા. આઠ મહિના પછી એ નિવૃત્ત થવાના હતા. પણ જો આઠ મહિના પદ પર રહે તો જનરલ ચીફ ઑફ 'આર્મી સ્ટાફ' શ્રી નાગેશ 'આર્મી ચીફ' ન બની શકે. કેમકે એમની નિવૃત્તિ પણ નજીક હતી.

એટલે જનરલ રાજેન્દ્રસિંહ આઠ મહિના પહેલાં સ્વૈચ્છિક નિવૃત્ત થયા. (શ્રી નાગેશ માટે સર્વોચ્ચ પદ ખાલી કરી દીધું !)

# ॥ એક ભાવભર્યો પત્ર ॥

પરમ વંદનીય સહુનાં વ્હાલાં પૂજ્યશ્રી‘મા’નાં પાવન ચરણોમાં શત શત વંદન !!

પાર્થિવ જગતમાં જેમ એક નવજાત શિશુ પોતાની ‘મા’નું મુખ સર્વ પ્રથમ જોઈને પ્રસન્નતાનો અનુભવ કરે અને ‘મા’ની હયાતીમાં પોતાને સુરક્ષિત અને નિશ્ચિત માને એમ હે‘મા’, આપ આધ્યાત્મિક જગતમાં અમારા પ્રાણની જનેતા છો અને આપ થકી અમારા જીવનમાં ચેતનાનો સંચાર થયો છે. અનેક જન્મોનાં પુણ્યોનાં ફળસ્વરૂપે જીવનની કોઈ ધન્ય વેળાએ આપનું અમારા જીવનમાં આગમન થયું અને અમે સનાથ થયા ! એક ‘મા’ પોતાના શિશુની જેવી ચિંતા કરે અને જેવી કાળજી રાખે એના કરતાં અનેકગણી ચિંતા અને કાળજી તમે તમારાં બાળકોના આત્મિક ઉત્થાનની રાખો છો, અરે એ માટે જાણે સતત તપી રહ્યા છો એમ કહેવું કંઈ અતિશયોક્તિ નહિ ગણાય.

હે ‘મા’, આપની હૂંફ, કરુણા, પ્રેમ અને કૃપા અમને ડગલે ને પગલે અનુભવાય છે ! જ્યારે અને જેને જેટલા પ્રમાણમાં જરૂરી લાગે ત્યારે અને તેને તમે તેટલાં પ્રમાણમાં માર્ગદર્શન ધરતાં રહ્યાં છો અને ખૂબ જ પ્રેમથી અમને સહુને પ્રભુ પંથે દોરતા રહ્યાં છો ! જીવનને આધ્યાત્મિક ઓપ આપવામાં સહાયક થાય એવા સારા નિયમો જેમકે સદ્‌ગ્રંથો, સંતપુરુષોના જીવનચરિત્રોનું વાચન, શારીરિક તંદુરસ્તી માટે વ્યાયામ, એકાંત સેવન, મૌન, વગેરેનાં આપ પ્રખર હિમાયતી છો અને

આપનાં અતિનિયમિત જીવન દ્વારા સતત અમને પણ પ્રેરણા આપતા રહ્યાં છો ! આપની ગુરુભક્તિ અતુલ્ય છે, આપનું માતૃત્વ અણમોલ છે, અને આપની ઈચ્છાશક્તિ અતિ વિરલ છે !! એ જ ગુરુભક્તિ, માતૃત્વ, અને ઈચ્છાશક્તિનો જ્યારે સમન્વય થાય છે ત્યારે તમે પોતાની કોઈપણ પરવા કર્યા વિના પોતાનાં ભક્ત-બાળકોને દર્શન આપવા હજારો માઈલોનું અંતર કાપી દેશ-વિદેશમાં વિચરો છો ! આપની અહૈતુકી કૃપાને લીધે જ અમે સૌ ડલાસમાં રહેતા બાળકોને તમે જ જાણે શહેરમાં ભેગાં કરી દીધાં છે અને માસિક સત્સંગની અમુલખ પ્રેરણા પૂરી પાડી છે !

૨૦૨૩નું વર્ષ વિદેશમાં રહેતા, ખાસ કરીને USA માં રહેતા ભક્તો માટે એક અવનવું અને યાદગાર દર્શનપર્વ બની રહ્યું એનું એક કારણ એ કે આ વર્ષે પૂ.'મા' પોતાનાં બાળકોને કૃતાર્થ કરવા એક નહિ પણ બે વાર અહીં પધાર્યા છે. હે 'મા' અમારી શિશુસહજ કાલીઘેલી વાણીને જલ્દીથી સાંભળી લો અને ડલાસમાં પધારી આ ધરતીને અને એમાં વસતા આપનાં બાળકોને ધન્ય કરો !!

**—આપનાં દર્શનાતુર ડલાસનાં બાળભક્તોના પ્રણામ પ્રણામ પ્રણામ.**

# પરમ પૂજ્યશ્રી'મા'એ દર્શાવેલો

# ॥ નામસ્મરણનો મહિમા ॥

જય કૃપાળુ 'મા', પરમ વંદનીય પૂજ્ય શ્રી'મા'નાં ચરણોમાં શત શત વંદન !! થૅન્ક યુ 'મા', તમે ડલાસના સહુ ભક્તોની પ્રાર્થના સાંભળી અને ડલાસની ધરતી પર પધારી એને પાવન કરી. અમારા સહુની પ્રાર્થના સાંભળવા બદલ તમારો અંતરના ઊંડાણથી ખૂબ ખૂબ આભાર અને ખૂબ ખૂબ વંદન !! આપણે સહુ જાણીએ છીએ કે 'મા' જ્યારે વિદેશની મુસાફરી કરે છે ત્યારે 'મા' નિર્જળા રાખે છે. અને મને જાણ થઈ કે આ વખતે જ્યારે 'મા' વરસમાં બીજી વાર વિદેશ આવ્યા ઑક્ટોબરમાં ત્યારે 'મા' ૩૮ કલાકની મુસાફરી કરીને આવ્યા ! કોના માટે ? આપણા સહુ માટે. આપણને એમનાં દર્શનનો લાભ મળે, આપણને એમનું સાંનિધ્ય મળે અને આપણા જીવનમાં પરિવર્તન આવે એવું 'મા' ઈચ્છે છે એટલા માટે 'મા' આટલી મુસાફરી કરે છે ! 'મા'ને કેટલો પરિશ્રમ પડતો હશે છતાં પણ 'મા' અહીં આવે છે ! અને 'મા' અહીં પધાર્યા તો વેલીમાં તો એકદમ અદ્‌ભુત દર્શનપર્વ માણવા મળ્યું અને હવે અહીં ફરીથી ડલાસમાં પણ માણવા મળ્યું. તો 'મા'નાં એના માટે પણ આપણે અંતરથી વંદન કરીને આભાર માનીયે. 'થેન્ક યુ 'મા'.' તમે આટલી તકલીફો વેઠીને અમારા માટે અહીં આવો છો ! આપણે સહુ જોઈએ છીએ કે 'મા' આપણી વચ્ચે બેઠાં છે તો પણ તેઓશ્રીના સતત જપ ચાલે છે ! 'મા' નામ સ્મરણ પર પણ ખૂબ ભાર મૂકે છે. તો મારા જીવનમાં પણ મેં નામસ્મરણ અજમાવવા માંડ્યું. અને એ નામ સ્મરણના ફળરૂપે મને ગયા

અઠવાડિયે પૂજ્ય 'મા'ને હ્યુસ્ટનથી ડલાસ મારી ગાડીમાં એટલે કે 'મા'ની જ ગાડીમાં લઈ આવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. એ પૂજ્ય 'મા'ની અસીમ કૃપા કે 'મા'એ મને આ સેવાની તક આપી. મને આ એક સ્વપ્ન જેવું લાગે છે ! હ્યુસ્ટન ગયા પછી જ મને ખબર પડી કે 'મા' મારી ગાડીમાં ડલાસ આવવાનાં છે ! કેટલા બધા ભક્તો 'મા'ને અહીં ડલાસ લાવવા આતુર હતાં પણ છતાં 'મા'એ મને જ પસંદ કરી ! એટલે 'મા' આપણી સૂક્ષ્મ પ્રાર્થનાઓ પણ સાંભળે છે અને એનો ઉત્તર પણ આપે છે અને અવનવી રીતે ઉત્તર આપે છે તે આ અનુભવ પરથી જણાય છે !

આપણા શાસ્ત્રોમાં ગુરુનો વિશેષ મહિમા ગવાયો છે ! ઘણી બધી જગ્યાએ ગુરુના માહાત્મ્યનાં વર્ણનો છે. તો આ ગુરુના માહાત્મ્યનું એક ઉદાહરણ સ્કન્દપુરાણમાં ૧૪ શ્લોક વાળા 'ગુરુ સ્તોત્રમ્'માં ગાવામાં આવ્યો છે ! એમાંના ૨ શ્લોક મારા મન અંતરમાં જડિત થઈ ગયા છે અને એ શ્લોકમાં એ કેવી રીતે એમની કૃપા થકી સત્ય પુરવાર કર્યા છે, એના પર આપણે વિચાર કરીશું. પ્રથમ શ્લોક છે 'ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ ગુરુ દેવો મહેશ્વર, ગુરુ સાક્ષાત પર બ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ'. ગુરુ એજ બ્રહ્મા છે, ગુરુ એજ વિષ્ણુ છે, અને ગુરુ જ સાક્ષાત્ શિવ છે !! ગુરુ એજ પરમ તત્ત્વ છે જેને મળવા મુમુક્ષુઓ અને પ્રભુપરાયણ ભક્ત જીવો મથી રહ્યા છે ! બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જે ત્રિદેવો છે એમનું મહત્ત્વ શું છે ? બ્રહ્મા છે એ સૃષ્ટિના સર્જનકર્તા છે. વિષ્ણુ એ સૃષ્ટિના પાલનકર્તા છે. અને મહેશ એ સૃષ્ટિના સંહારક છે. તો ગુરુ છે એ આપણા જીવનમાં ત્રિદેવોનું કામ કરે છે ! કઈ રીતે ? આપણો જ્યારે આધ્યાત્મિક જન્મ ગુરુકૃપાથી થયો ત્યારે ગુરુએ બ્રહ્માનું પદ સંભાળ્યું. અને

જીવનમાં ડગલે ને પગલે આપણી રક્ષા કરી કે આ મારું બાળક ક્યાંક ઊંધા માર્ગે તો નથી જતુંને, આ મારું બાળક ક્યાંય ફસાઈ તો નથી જતુંને એનું સતત ધ્યાન રાખે છે અને એમ આપણું પાલન કરે છે એટલે ગુરુ વિષ્ણુ છે ! અને ગુરુ એ શિવ છે ! આપણાં 'મા' શિવ છે ! કેમ ? એ સંહાર કરે છે. શેનો સંહાર કરે છે ? આપણામાં જે કુટેવો છે એનો સંહાર કરે છે, દુર્બુદ્ધિ છે એનો સંહાર કરે છે ! એટલે ગુરુ છે એ આપણને આધ્યાત્મિક જન્મ આપે છે, આપણામાં ચેતનાનો સંચાર કરે છે, આપણી રક્ષા કરે છે અને આપણામાં રહેલી દુર્બુદ્ધિ, માયા, મમતા, વગેરેનો સંહાર કરે છે. એના માટે ગુરુ તપશ્ચર્યા કરે છે ! એટલે આપણા જીવનમાં ગુરુનું મહત્ત્વ આ રીતે છે ! આ સંદર્ભમાં હું એક હમણાંનો જ અનુભવ કહી રહી છું ! ગયા શનિવારે હું 'મા'ને લેવા હ્યુસ્ટન જઈ રહી હતી, તો 'મા' એ મને પૂછ્યું કે હ્યુસ્ટન પહેલીવાર આવે છે ? તો મેં કહ્યું 'મા' હું હ્યુસ્ટન પહેલાં આવી છું પણ આવી રીતે એકલી ગાડીમાં પહેલીવાર આવું છું. તો 'મા'એ સહજ રીતે કહ્યું કે તું એકલી ક્યાં છે ? તારી સાથે 'મા' પ્રભુ છે ! આ વાત આપણે ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે ! 'મા'એ એમ કહ્યું કે જ્યારે આપણે નવ મંત્રગાન કરીયે છીએ તો આપણે પરમતત્ત્વનું આહ્‌વાન કરીયે છીએ ! ત્રણ વાર 'ૐ યોગેશ્વરાય નમઃ' એમ બોલીને ત્રિદેવોનું આહ્‌વાન કરીયે છીએ. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ! ત્રણ વાર ૐ 'મા' સર્વેશ્વર્યૈ નમઃ બોલીએ છીએ તેમાં મહાકાળી, મહાલક્ષ્મી, અને મા સરસ્વતીનું આહ્‌વાન કરીએ છીએ ! અને પછી આપણા વંદનીય વડીલો 'મા' જ્યોતિર્મયી, મા ભીખીદેવી, અને શ્રી કાલિદાસ દાદાનું આહ્‌વાન કરીએ છીએ ! 'મા'એ કેટલું સરસ ઉદાહરણ આપીને આપણને શીખવ્યું કે તમે આવી રીતે નવ મંત્રગાન કરીને

નીકળો તો આ સર્વ દેવી દેવતાઓ તમારી હરતે ફરતે રહે છે ને તમારી રક્ષા કરે છે ! તો આ કૃપાપ્રસંગ પરથી 'મા'એ પુરવાર કરે છે કે 'મા' પ્રભુ જ ત્રિદેવો અને પરમ શક્તિ બની આપણી સાથે રહી આપણી રક્ષા કરે છે જો આપણે એમની સાથે અનુસંધાન સાધીએ તો.

હ્યુસ્ટનથી ડલાસ આવતી વખતે 'મા'ને ૨-૩ પ્રશ્નો પૂછવાનો અવસર મળ્યો ! વેલીમાં દર્શન પર્વ વખતે 'મા' એ નામજપ પર ભાર મૂકીને પોતાનો કૃપાપ્રસંગ અમને સહુને સંભળાવ્યો ! એનો સાર એ હતો કે જીવનમાં સતત સતત પ્રભુનું નામસ્મરણ કરવું અને જીવનના અંતિમ શ્વાસ સુધી પ્રભુનું નામ લેવું ! અને નામનું ફળ ક્યારે મળશે એ વિચાર્યા વગર જીવનશુદ્ધિ સાધીને નામસ્મરણ કરતાં રહેવું. તો મને સહજ એક પ્રશ્ન મનમાં હતો જે મેં 'મા'ને પૂછ્યો કે મેં તો એવું વાંચ્યું અને સાંભળ્યું છે કે ગુરુ પાસેથી જો મંત્રદીક્ષા મળે તો એ મંત્રના જપ વધુ શક્તિશાળી નીવડે. પણ જો ગુરુ પાસેથી મંત્રદીક્ષા ના મળી હોય એમનું શું થાય ? તો 'મા'એ એટલી સરસ વાત કરી કે આપણી અંદર જે આત્મદેવ છે એ આપણા ગુરુ જ છે અને એ આત્મામાંથી જે મંત્ર સ્ફુરે એ ગુરુએ આપેલા મંત્ર સમાન જ છે તો એને પણ તમે જપતા રહો ! કેટલી સરસ વાત 'મા'એ કરી જે હું માનું છું કે ઘણા સાધકોને આ વાત ઉપયોગી થશે. બીજી સરસ વાત એ કરી કે ૨ વ્યક્તિઓ ચાલતી હોય પાછળથી કોઈ એકને બોલાવીએ તો એ તરત પાછળ જુવે તો જો સામાન્ય માણસ નામ દેવાથી આપણી સામે જુએ તો પછી પરમાત્મા શું એમના નામસ્મરણથી આપણી સામે નહિ જુએ ? તો 'મા' આપણને સતત જગાડતા રહે છે કે તમે જ્યાં પણ જાઓ સતત

તમારું અનુસંધાન ઈશ્વર સાથે રાખો. હવે મેં જે ગુરુસ્તોત્રની વાત કરી એનો બીજો શ્લોક પણ ખૂબ સુંદર છે 'અજ્ઞાન તિમિરાન્ધનસ્ય જ્ઞાનાંજન શલાકયા, ચક્ષુર્મિલિતં યેન તસ્મૈ શ્રી ગુરુવે નમઃ' આપણા ચક્ષુઓ (આંખો) અજ્ઞાનથી ઢંકાયેલા છે. આપણે માયામાં છીએ એટલે સાચું શું અને ખોટું શું તેની આપણને ખબર નથી. ગુરુ ('મા' પ્રભુ) આપણા જીવનમાં એ કાર્ય સૂક્ષ્મ રીતે કરી રહ્યા છે કે આપણાં જે અજ્ઞાનથી ઢંકાયેલા ચક્ષુઓ છે તે ધીરે ધીરે એમનાં જ્ઞાનામૃતનું રસપાન કરીને એમની કૃપાથી ઉઘડી જાય ! તો આપણે 'મા' પાસે આવીએ છીએ અને 'મા' આપણને આટલું બધું શીખવાડે છે એનું તાત્પર્ય એ જ છે કે આપણે એ ઉપદેશોને ઝીલતાં શીખીએ, એમના શરણમાં રહીએ, એમના વચનોનું પાલન કરીએ અને આપણા જીવનનું ઉત્થાન કરીએ !

બીજી બે મહત્વની વાત થઈ ! જ્યારે અમે ડલાસ આવી ગયા ત્યારે 'મા'એ 'થૅન્ક યુ'નું મહત્વ સમજાવ્યું. કોને 'થૅન્ક યુ' કહેવાનું ? પ્રભુને 'થૅન્ક યુ', કહેવાનું ! હે પ્રભુ, તમે અમને સુરક્ષિત રાખી, જે સ્થળે આવવાનું હતું ત્યાં લઈને આવ્યા એના માટે 'થૅન્ક યુ' ! 'મા' એનાથી પણ આગળ વધીને કહે છે કે, પ્રભુને રોજ સવારે ઊઠીને 'થૅન્ક યુ' કહેવું કે 'હે પ્રભુ, તમે મને એક નવો દિવસ પ્રદાન કર્યો ! એના બદલ તમારો આભાર !' ઘણા લોકો સવારે ઊઠી નથી શકતા. ઊંઘમાં જ વિદાય લઈ લે છે. એનાથી આગળ વધીને 'મા' કહે છે કે પ્રભુને શ્વાસે શ્વાસે 'થૅન્ક યુ' કહેવું કારણ દરેક શ્વાસ એ પ્રભુની અણમોલ ભેટ છે. ઘણા લોકો એક શ્વાસ લીધા પછી બીજો લઈ નથી શકતા. તો 'મા' આપણને વારંવાર નામસ્મરણ, 'થૅન્ક યુ' કરવાના માર્ગ

બતાવી રહ્યા છે જેના ઉપર ચાલવાથી આપણું કલ્યાણ થાય. પછી 'મા'એ મને નારદભક્તિસૂત્રની પંક્તિઓ ગુજરાતીમાં વંચાવી ! જે મને યાદ નથી પણ પછી મેં એનું હિન્દી તથા સંસ્કૃતમાં વાચન કર્યું તે આ પ્રમાણે છે 'મહતસંગસ્તુ દુર્લભો અગમ્યો અમોઘ' અર્થાત્ મહાપુરુષો (સંતો)નો સંગ અતિ દુર્લભ છે. 'લભ્યતેઅપિ તત્કૃપાયૈવ' તે ઈશ્વરની કૃપાથી જ થઈ શકે છે. જો ઈશ્વરની કૃપા હોય તો જ તે આપણા જીવનમાં આવે અને આપણને એમના સાન્નિધ્યનો લાભ મળી શકે.

'તસ્મિન્સ્તજ્જને ભેદાભાવાત' અર્થાત્ (કારણકે) ઈશ્વર અને એમના કૃપાપાત્ર સંતો વચ્ચે કોઈ ભેદ નથી.

તો આજે આપણે સહુ વિચારી લઈએ કે 'મા' આજે આપણી સામે ઉપસ્થિત છે. 'મા' આટલા તપ કરી રહ્યા છે છતાં પણ અહીં આપણી વચ્ચે છે તો આપણા ઉપર એ પરમશક્તિની કેટલી કૃપા છે ! અને આપણી શું ફરજ બને છે ? આપણી ફરજ એ જ કે 'મા' આપણને જે માર્ગ બતાવે છે એ માર્ગ પર ચાલીએ અને પૂરા પ્રયત્નો કરીએ કે આ જીવનનો ફેરો 'મા'ની ઉપસ્થિતિમાં, 'મા'ની કૃપાથી સફળ કરીએ !

હે 'મા', આપને ફરી ફરી 'થૅન્ક યુ' કે 'મા' અમારા માટે તમે કેટલો શ્રમ ઉઠાવીને અહીંયાં આવ્યાં અને અમારી ઉપર કૃપાનો વરસાદ વરસાવ્યો ને હજુ પણ વરસાવી રહ્યાં છો તો આ કૃપાવરસાદ જીવનપર્યંત અને જીવન પછી પણ જન્મોજનમ વરસાવતાં રહેજો ! અમને કદી છોડતાં નહિ. અમે આપનાં નાનાં બાળકો ભૂલથી તમારાથી ના છૂટી જઈએ. એ માટે અમારો હાથ પકડી રાખજો. અમને છોડતાં નહિ. 'થૅન્ક યુ' જય કૃપાળુ 'મા' !

—શ્રીનીતિ ભટ્ટ

# ॥ શ્રીઅયોધ્યા-માહાત્મ્ય ॥

શ્રીરામ સ્વયં હનુમાન-લક્ષ્મણ આદિને સંબોધન કરીને શ્રીઅયોધ્યાનો મહિમા દર્શાવે છે. તેઓશ્રી કહે છે : 'મને અવધપુરી જેટલું કશું પણ પ્રિય નથી લાગતું, કેમકે આ પુરીનો અનંત મહિમા છે.'

પુરાણોમાં એક કથા આવે છે. એકવાર શ્રીલક્ષ્મણ તીર્થયાત્રા પર જવા માટે શ્રીરામને પ્રાર્થના કરે છે. શ્રીરામે કહ્યું; 'ભાઈ ! તારી તીર્થયાત્રાએ જવાની ઈચ્છા છે તો તે બહુ સારી વાત છે. તમે શ્રીઅયોધ્યાપુરીની વ્યવસ્થા કરીને અવશ્ય જાઓ.' આમ કહીને શ્રીરામ હસવા લાગ્યા. શ્રીલક્ષ્મણે કહ્યું; ભગવન્ દાસથી કંઈ ભૂલ થઈ ગઈ કે આપ હસો છો ? શ્રીરામે કહ્યું; 'લક્ષ્મણ ! સમય થતાં તું ખુદ જ સમજી જઈશ.'

શ્રીરામની આજ્ઞા પ્રાપ્ત કરીને લક્ષ્મણ તીર્થયાત્રાએ જવાની પોતાની તૈયારી કરવા લાગ્યા. સેંકડો સેવક, મંત્રી, મિત્ર, નગરજન, પરિજન પણ સાથે જવા માટેની તૈયારીમાં લાગી ગયા.

ગુરુદેવ શ્રીવસિષ્ઠજીએ શ્રાવણ સુદ પાંચમનું મુહૂર્ત નક્કી કરી આપ્યું. સૂર્યોદય પહેલાં પ્રસ્થાન કરવાનું હતું. પરંતુ શ્રીઅયોધ્યાપુરીની સંભાળ કરવા માટેની વ્યવસ્થામાં જ રાત્રિના બે વાગી ગયા. શ્રીલક્ષ્મણને થયું હવે જો હું વિશ્રામ કરીશ તો વિલંબ થઈ જશે. આમેય બ્રહ્મમુહૂર્ત થવામાં હતું. તેથી પહેલાં શ્રીસરયૂજીમાં સ્નાન કરી લઉં, એવો નિર્ણય કરી તે સરયૂજીના કિનારે આવ્યા. ત્યાં બહુ પ્રકાશ પથરાઈ રહ્યો હતો. રાજઘાટ પર હજારો રાજા-મહારાજા સ્નાન કરી રહ્યા હતા અને સંધ્યા કરીને, આકાશમાર્ગે ચાલી રહ્યા હતા.

શ્રીલક્ષ્મણને આશ્ચર્ય થયું કે આજે કોઈ પર્વ તો છે નહિ તો પછી આટલી ભીડ કેમ ? આમ વિચારતા તે મહિલાઓના ઘાટ પર પહોંચ્યા. જ્યાં ક્રમશઃ કૌશલ્યા, કૈકેયી, સુમિત્રા આદિ હજારો માતાઓ સ્નાન કરી રહી હતી. લક્ષ્મણ આ જોઈ પાછા ફરી ગયા. શ્રીરામે પૂછ્યું; 'લક્ષ્મણ ! આજે તીર્થયાત્રાએ નીકળવાનું છે પરંતુ તેં હજી સુધી સ્નાન જ નથી કર્યું.' લક્ષ્મણે પ્રણામ કરી કહ્યું; 'ભગવન્ ! મેં આજે એક આશ્ચર્યજનક ઘટના શ્રીસરયૂજીના કિનારે જોઈ.' આખી ઘટના સાંભળ્યા પછી શ્રીરામે કહ્યું; 'લક્ષ્મણ ! તેં એ લોકોને પૂછ્યું નહિ કે તમે કોણ છો ? ક્યાંથી આવો છો ?' શ્રીલક્ષ્મણે કહ્યું; આજે હું ફરી જઈશ અને બધાંનો પરિચય પૂછીશ. રાત્રે બે વાગે બીજે દિવસે શ્રીલક્ષ્મણ ત્યાં પહોંચી ગયા. કાલની જેમ આજે પણ હજારો લોકો સ્નાન કરી રહ્યા હતા. બધાંનાં મુખ પર પ્રસન્નતા તેમજ તેજ ઝળકી રહ્યાં હતાં. શ્રીલક્ષ્મણે હાથ જોડીને પ્રણામ કરતાં પૂછ્યું; 'ભગવન્, આપ લોકોનો પરિચય જાણવા માગું છું.' હજારો રાજાઓએ કહ્યું; 'અમે કાશી, ગયા, જગન્નાથ, બદ્રીનાથ, કેદારનાથ, શ્રીરંગમ્, રામેશ્વર અને દ્વારકાપુરી આદિ ૬૮ કરોડ તીર્થ દેવતાઓનું રૂપ ધારણ કરીને અહીં નિત્ય શ્રીઅયોધ્યાનાં દર્શન તેમજ સરયૂજીનું સ્નાન કરવા આવીએ છીએ.'

પછી લક્ષ્મણ મહિલાઓના ઘાટ પર ગયા. તેમને પ્રણામ કરીને તેમનો પરિચય પૂછ્યો. એ માતાઓએ કહ્યું; 'અમે ગંગા, યમુના, સરસ્વતી, તાપી, તુંગભદ્રા, કમલા, કોશી, ગંડક, નર્મદા, કૃષ્ણા અને ક્ષિપ્રા આદિ ભારતની હજારો નદીઓ હરરોજ શ્રીરામપુરીનું દર્શન તેમજ શ્રીસરયૂજીમાં સ્નાન કરવા આવીએ છીએ.'

આ જ સમયે એક વિકરાળ કાળો પુરુષ આકાશમાર્ગેથી આવ્યો

ને શ્રી સરયૂજીની ધારામાં પડ્યો. થોડા સમય બાદ જળમાંથી નિકળ્યો તો ગૌરવર્ણ, હાથમાં, શંખ, ચક્ર, ગદા આદિ ધારણ કરેલો પ્રગટ થયો. શ્રીલક્ષ્મણે ઋષિઓને પૂછ્યું; 'ભગવન્ ! આ દેવતા કોણ છે ? જે હમણાં આટલા કાળા હતા અને સરયૂજીમાં ડૂબકી લગાવતાં જ ગૌર વર્ણના થઈ ગયા !' ઋષિઓએ કહ્યું; 'લક્ષ્મણ ! આ 'તીર્થરાજ પ્રયાગ' છે, હજારો યાત્રી હરરોજ તીર્થરાજ પ્રયાગના સંગમમાં સ્નાન કરીને પોતાનાં પાપ છોડી જાય છે.'

શ્રીલક્ષ્મણ રાજમહેલમાં આવી આ આશ્ચર્યમયી ઘટના શ્રીરામને સંભળાવવા લાગ્યા. શ્રીરામે કહ્યું; 'ભાઈ લક્ષ્મણ ! આ પુરીનાં દર્શન તેમજ સ્નાનના હેતુથી ૬૮ કરોડ તીર્થ અયોધ્યામાં આવે છે અને તું અયોધ્યા છોડીને અન્ય તીર્થોનું દર્શન કરવા જઈ રહ્યો હતો ! એટલે જ્યારે તે મને હસવાનું કારણ પૂછ્યું હતું ત્યારે મેં કહ્યું હતું કે ઉચિત સમય પર તમે બધું જાણી જશો. હવે તમે નિર્ણય કરી લો કે તીર્થયાત્રાએ જવું છે કે નહિ.'

શ્રીલક્ષ્મણ શ્રીરામનાં ચરણોમાં પડી ગયા અને બોલ્યા; 'પ્રભુ ધન્ય છે આ અવધપુરી ! જ્યાં સર્વ તીર્થ દર્શનસ્નાન હેતુથી આવે છે. હવે દાસ ક્યાંય કોઈ યાત્રાએ નહિ જાય.'

અવધની આ દિવ્યલીલાનું સ્મરણ કરતા બંધુ-બાંધવો સહિત શ્રીરામ-લક્ષ્મણ આ ઘટનાને બધા અયોધ્યાવાસીઓને સંભળાવવા લાગ્યા.

**–'શ્રી ભગવદ્લીલા'**

**(૧૯૯૮ના લેખ પરથી સાભાર)**

**ગીતાપ્રેસ, ગોરખપુર**

*

# ।। દીન નહિ, લીન બનો ।।

કેવળ પ્રભુમયતા-સંપૂર્ણ પ્રભુમયતા દીન નહિ, લીન બનાવે છે, જે સૂચવે છે :

તમે જે પણ કરો એમાં લીન થઈ જાઓ. જે કરો છો તે થઈ જાઓ.

૧. ચાલો તો એવી રીતે કે ચાલવાવાળું કોઈ ન બચે

૨. સાંભળી રહ્યા હો તો કાન બની જાઓ.

૩. ભોજન કરો, જાગો, સૂઓ જે પણ કંઈ કરો પૂરી સમગ્રતાથી કરો.

જેથી આત્મા અને શરીરની વચ્ચે શાશ્વત સેતુનું નિર્માણ થાય.

ભીતર અને બર્હિક્રિયા વચ્ચે કોઈ અંતર ન રહે. ક્ષુદ્રમાં ક્ષુદ્ર ક્રિયામાં લીનતા એવી પરિપૂર્ણ હોય કે લાઓત્સે કહે છે તેમ; 'મારું બચવું જ અપૂર્ણ !'

૨૪ કલાક નહિ તો ૨૪ મિનિટ પણ 'તૂ'ની સાથે જીવવાની નિશ્ચિતતા મળી જાય તો 'મૈં'ની ગરબડ બંધ થઈ જાય. રૂમી સરસ કહે છે :

'When you discover the source of sunlight
Whatever direction you go will be EAST.'

# ॥ સ્વયંપ્રભાની સલાહ ॥

હનુમાનજી પાણીની શોધમાં નીકળ્યા. (સીતાશોધમાં આખી ટુકડી સાથે નીકળ્યા હતા) પાણી વિના મરી જાય તેમ હતા. હનુમાનજી એક પહાડ પર પડી ગયા, ગુફા તરફ થોડા આગળ ગયા. ત્યાં સુંદર આશ્રમ હતો. એક સરોવર હતું તેની પાસે એક તપસ્વિની સ્ત્રી બેઠી છે, જેનું નામ છે સ્વયંપ્રભા. અહીં બુદ્ધનો ન્યાય આવે છે. 'અપ્પ દીવો ભવ'.

સ્વયંપ્રભાનું મળવું એટલે શું ? ખુદ તારી આત્મજ્યોતિનો પરિચય કરાવી દઉં બંનેને આમનેસામને કરાવી, બુદ્ધ પુરુષ વચ્ચેથી હટી જાય છે.

સ્વયંપ્રભાએ કહ્યું; 'તમે આંખો બંધ કરીને બેસી જાઓ. તમે પહોંચી જશો.' અંતર્મુખ થઈ જાઓ. બહિર્મુખ ભટકાવ છોડી દો. સીતા મળી જશે.

પુરુષાર્થ આંખ ખોલીને પણ થાય છે એ વિકાસનું પ્રતીક છે. આંખ બંધ કરવી એ વિશ્વાસનું પ્રતીક છે. આપણે વધારે અંતર્મુખ નથી રહી શકતા નહિતર સ્વયંની પ્રભા જ ભીતર ભક્તિનો પરિચય કરાવી દે.

હનુમાનજી અંતર્મુખ છે. જરૂર પડતાં બહિર્મુખ થાય છે. વિશ્વના કાર્ય માટે કિષ્કિંધાકાંડમાં કહ્યું 'હનુમાનજી, ઊઠો. રામકાર્ય માટે આપનું જીવન છે. હનુમાનજી જાગી પર્વતાકાર થઈ ગયા. પૂછ્યું 'લંકામાં જઈને માટે શું કરવાનું છે ? ઉત્તર મળ્યો; ''આપ જાઓ, સીતાની ખબર લઈ આવો.'' ને હનુમાનજી જાય છે.

—સંકલન

## ॥ ભક્તિ પરમ પ્રેમરૂપ છે ॥

દેવર્ષિ નારદ ભક્તિસૂત્રમાં કહે છે : ‘બધા પ્રેમમાં સર્વોપરી અને બીજા બધા પ્રેમ જેમાં સમાવિષ્ટ છે એવો ‘પ્રેમ’ ભક્તિ છે, (આ એક સંવેદના છે) ભક્તિ પરમપ્રેમરૂપ છે, પ્રેમની પરાકાષ્ઠા છે. આ પ્રેમ દિવ્ય છે, અમર છે, અ-મૃત છે. કારણ કે તે બિનશરતી છે. એ કોઈ ગ્રંથિથી બંધાયેલો નથી.’

એવું નથી કે એ એક દિવસ તમે પ્રેમમાં પડો ને બીજે દિવસે બહાર ! ભક્તિ એ નથી. એ ભીતર ઊંડે રહે છે. એનો એક વાર સ્વાદ કરનાર એને કદી ભૂલી શકતો નથી. એને પામીને મનુષ્યજીવન પૂર્ણ બને છે. બધું જ મેળવી લીધું હોય એવી લાગણી અનુભવાય. કંઈક ભીતર એવું રહે છે જે નથી થતું મ્લાન, નથી મરતું એ જીવનમાં પરિપૂર્ણતા લાવે છે.

‘યત્ પ્રાપ્ય ન કિંચિત્ વાંછતિ, ન શોચતિ’ આમાં વિષાદ તો નથી જ પણ આનાથી વધારે બીજું કશું આનંદદાયી નથી. તમે એવા કેન્દ્રસ્થ થઈ જાઓ છો કે, અન્ય કોઈ આકર્ષણ તમને ચ્યુત કરતું નથી. પછી અન્ય કોઈ ઉત્સાહ-આવેશ તમને વશ કરતો નથી. તમે ભીતર આત્મામાં પ્રતિષ્ઠિત થઈ જાઓ છો. કેવળ પ્રેમ જ તમને ‘આત્મસ્થિત’ કરી શકે. તમે મંત્રમુગ્ધ બની તમારા ચૈતન્યમાં સ્થિર થઈ જાઓ છો. તમારા અસ્તિત્વના ત્રણ સ્તરે-લાગણીથી સરાબોર, બુદ્ધિથી આશ્ચર્યચકિત અને આત્મસ્થિત ! જે ભક્તિની ભવ્યતા છે.

આ પ્રભાવમાં The ‘two’ disappears, the ‘other’ vanishes અને તમે ‘At ease’ થાઓ એવી રાહત - વિશ્રાન્તિ પ્રેમ આપે છે.

આવો પ્રેમ પંથ નથી, આપણો મૂળ મુકામ, આપણું નિવાસસ્થાન છે.

આવો પ્રેમ ઇચ્છાનો પદાર્થ નથી. ઇચ્છા થંભી જાય ત્યારે પ્રેમ અનુભવાય. (હમણાં નહિ, આ નહિ, ત્યારે ઇચ્છા આવો જ્વર તાપ પેદા કરે છે, જ્યારે પ્રેમ શીતળ હોય છે. પ્રેમ ઇચ્છાઓનું અટકસ્થાન છે. દુન્યવી, ધાર્મિક ભૌતિક, આધ્યાત્મિક સઘળી પ્રવૃત્તિઓમાંથી વિરતિ છે.

છતાં મનુષ્યને કંઈક કરવાનો-પ્રાપ્ત કરવાનો અભરખો રહે છે. હા. જો પ્રવૃત્તિ-સમગ્રભાવે કરવામાં આવે તો મુક્ત થઈ જવાય ને વિશ્રાંતિ મળે. ખરેખર સક્રિય થયા વિના વિચાર્યા કરવું, ચાલ્યા કરવું, મમળાવ્યા કરવું, ગળવું નહિ એટલે ઇચ્છા પણ જે કરવાનું છે તે વિનાવિલંબે-મુલત્વી રાખ્યા વિના કરી દો તો વિશ્રાન્ત થાઓ. તમારી ક્ષમતામાં વૃદ્ધિ કરશે, મનને નહિ પજવે.

તમારો કંઈક પ્રવૃત્ત કરવાનો વળગાડ અને નિવૃત્ત થવાની ઉતાવળ-તમને આત્મસ્થિત થવા દેતા નથી. પણ ઇચ્છા હવામાં બાચકાં ભરવાની વાત છે, પ્રેમ વિશાળ આકાશ જેવો છે. હથેળી ખોલો ને આખું આકાશ એમાં અવતરે છે ! કેન્દ્રમાં આવ્યા. પ્રવૃત્તિ સમગ્રભાવે કરી વિરામમાં આવ્યા. આ દિવ્ય પ્રેમનો રાહ છે.

જો તમે આ પ્રેમમાં કેન્દ્રિત થવા ચાહતા હો તો પ્રેમનો વિરોધ કરતું જે દેખાય તેને ફગાવી દો.)

તમે પૂર્ણ થવા જન્મ્યા છો ને તે કાર્ય-વાણીમાં નહિ, તમારા હોવામાં છે, તમારે તે તીવ્રપ્રેમમાં ઓગળી જવાની જરૂર છે.

'અનન્ય ભક્તિ' એ કોઈ બીજું છે જ નહિ, દ્વૈત નથી. જે

'એકાગ્ર' છે તેને અન્ય આશ્રય શોધવો પડતો નથી.

પ્રભુ કહે છે :

'જે ટેકણલાકડી શોધતા નથી, તેનાં હું 'ચરણ' બનું છું. જે 'ચશ્માં' શોધતા નથી તેનાં હું 'ચક્ષુ' બનું છું.'

(વિશ્વમાં જે પ્રેમને પોષે તેમાં સક્રિય બનો જે પ્રેમને ટેકો ન આપે તેનાથી વિમુખ થાઓ.

લોકો પૂજાવિધિની તૈયારીઓમાં ઘણો સમય વેડફી નાખે છે ને જ્યારે ખરેખર ધ્યાનની વેળા આવે છે ત્યારે તેમનાં મન થાકી ગયાં હોય છે !

એટલે જો તમે પ્રેમમાં હોઈ શકો તો પ્રેમમાં ન રહી શકો એનાથી નિરપેક્ષ થઈ જાઓ.)

પ્રેમ બહુ મોટું આંતરિક બળ છે, તે ઊર્જા છે. જો તમે પ્રેમને અભિવ્યક્તિ-શારીરિક ચેષ્ટાઓથી પર થઈ, તમારા અસ્તિત્વની ભીતર ઝાંકશો તો દેખાશે કે, બીજું કાંઈ છે જ નહિ, ત્યાં ભેદ નથી. સંપૂર્ણ એકત્વ-એકતા-અદ્વૈત-અનન્યતા છે.

આ સંધાન દિવ્યતા સાથેનું છે, આખા વિશ્વ સાથેનું છે. જે તમને સંપૂર્ણ બનાવે છે, સ્થિર બનાવે છે. સાર્થક કરે છે.

આ સતત સંધાનનું અવધાન નહિ હોય તો 'મારે જોઈએ-મારે જોઈએ એમ ઝંખતા રહેશો. પણ પ્રેમ ઝંખનાનો વિષય નથી, એ તમે સ્વયં છો, એ તમારું ચૈતન્ય છે.'

**—સંકલન**

**શ્રીદેવર્ષિ નારદરચિત**

**('ભક્તિસૂત્ર'ને આધારે)**

# ॥ ચૈતન્ય મહાપ્રભુ ॥

શ્રીચૈતન્ય મહાપ્રભુનો જન્મ પશ્ચિમ બંગાળના નવદ્વીપ ગામમાં ૨૭ ફેબ્રુઆરી ૧૪૮૫માં થયો હતો. એમના પિતાનું નામ જગન્નાથ મિશ્ર અને માતાનું નામ શચીદેવી હતું. એ ભગવાન શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત હતા.

લોકો તેમને રાધાવતાર માનતા. જ્યારે શ્રીકૃષ્ણવિરહમાં ઉન્મત્ત થઈ રડતા-ચીત્કાર કરતા ત્યારે પથ્થરનું હૃદય પણ પીગળી જતું હતું. તેમણે ભગવદ્‌નામના જપ અને કીર્તનને મુખ્ય અને સરળ ઉપાય દર્શાવ્યા છે. 'શિક્ષાષ્ટક'માં સ્પષ્ટ કહ્યું છે : 'મનુષ્યે પોતાના જીવનનો વધારેમાં વધારે સમય કીર્તનમાં લગાડવો જોઈએ, જે અંતઃકરણની શુદ્ધિનો સુગમ ઉપાય છે.'

આમ તો ભગવાનનાં બધા નામ મધુર અને કલ્યાણકારી છે. પરંતુ, 'હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે
હરે રામ હરે રામ રામ રામ હરે હરે'

આ મહામંત્ર સર્વથી અધિક લાભકારી અને ભગત્પ્રેમને વધારનારો છે.

આના ઉચ્ચારણ સાથે દૈવી સંપત્તિ પણ સિદ્ધ કરવી જોઈએ. જેમકે દયા, અહિંસા, સત્ય, સમતા, ઉદારતા, મૃદુતા, અનાસક્તિ, નિષ્કામતા, ચિત્તની સ્થિરતા, યુક્તાહાર વિહાર, મૈત્રી, ધૈર્ય, મત્સરશૂન્યતા વગેરે. આચરણની પવિત્રતા બહુ મહત્ત્વની છે.

તેઓશ્રી ૨૪ વર્ષની વય સુધી ગૃહસ્થાશ્રમમાં રહ્યા. તેમણે ન્યાયશાસ્ત્ર પર એક અપૂર્વ ગ્રંથ લખ્યો. આ જોઈ એમના એક મિત્રને ભારે ઈર્ષા થઈ. એમને ભય લાગ્યો કે એ ગ્રંથ પ્રકાશિત થતાં પોતાના ગ્રંથનો આદર ઘટી જશે. આ જાણીને શ્રીચૈતન્યે પોતાનો ગ્રંથ ગંગાજીમાં વહાવી દીધો. કેવો અપૂર્વ ત્યાગ ! કેવી નિસ્પૃહા !

સંન્યાસ લેવા પાછળ એમનો આશય હતો કાશી વગેરે તીર્થોના સંન્યાસીઓને ભક્તિમાર્ગમાં જોડવાનો.

એમના જીવનમાં ઘણી અલૌકિક ઘટનાઓ ઘટી. જેમકે; એમણે એકવાર શ્રીઅદ્વૈતપ્રભુને વિશ્વરૂપનું દર્શન કરાવ્યું. નિત્યાનંદને શંખ, ચક્ર, ગદા, પદ્મ, શાડંગ, મોરલી ધારણ કરેલા નારાયણસ્વરૂપમાં, ચતુર્ભુજ, દ્વિભુજ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં.

પોતાના જીવનના શેષ ભાગમાં નીલાચલમાં રહેતા હતા ત્યારે એકવાર બંધ ઓરડામાંથી બહાર આવી ગયા હતા. એકવાર એમના અવયવો બહુ લાંબા થઈ ગયા હતા તો એકવાર અત્યંત સંકોચાઈ ગયા હતા. કહેવાય છે કે એમણે ઘણા અસાધ્ય રોગોથી પીડિત લોકોને રોગ મુક્ત કર્યા હતા.

શ્રીચૈતન્યમહાપ્રભુના ઉપદેશો તેમજ તેમના ચરિત્રનો પ્રભાવ આજે પણ લોકો પર ઘણો છે.

**—'સંત-અંક'**

**ગીતાપ્રેસ, ગોરખપુર**

✻

ભક્ત અને ભગવાનનો ભેદ નથી. શ્રીકૃષ્ણ મીરાં થઈને આવ્યા, કૃષ્ણ કૃપા ન કરત તો એના સુધી પહોંચવાનો માર્ગ કોણ બતાવત ? આપણને સ્વયં સુધી પહોંચાડવા શ્રીકૃષ્ણ મીરાંરૂપે અવતર્યા. એક તેજસ્વિની અલગ જ આભામંડળ લઈને આવી.

મીરાં જેવા સંતો ભગવદ્પ્રેરણાથી આવે છે. એમને કર્મનાં બંધન નથી હોતાં. તે સ્વતંત્ર હોય છે. તેમના જીવનની એકે એક ઘટના, વિચાર, સ્પંદન આપણાં જેવાં દેખાય પણ વસ્તુતઃ વિલક્ષણ હોય છે. પ્રેમ સ્વતંત્રતા, સ્વાધીનતા પ્રદાન કરે છે.

ભગવદ્સેવા કરતાં પણ સંતસેવા ઉત્તમ, જે સુલભ નથી હોતી. મહિમા ન્યારો. ભક્તિથી જ ભગવાન આવે છે.

# ॥ પરમાત્માની પ્રેમચુનરી ॥

'જો છૂટ પ્રેમ ન સંચરે સો ઘટ જાન મસાન' કબીરજી સ્પષ્ટ કહી દે છે. કેમકે જીવને સાચા અર્થમાં જીવંત રાખનાર પ્રાણતત્ત્વ પ્રેમ જ છે.

સંસારીને પણ ભગવદ્પ્રેમ-પ્રેમચુનરી પ્રાપ્ત થાય છે પણ એ તેને પોતાની વાસનાઓથી મલિન કરી નાખે છે, પછી ગમે તેટલી ધૂઓ તે ઊજળી થતી નથી. કબીરજી કહે છે :

'યહ ચુનરી મેરે મૈકેતે આઈ, સસરામેં મનુઆં ખોઈ દિયા
મલી મલી ધોઈ, દાગ ન છૂટે, ગ્યાન કો સાબુન લાઈ પિયા.'

આવો ભક્તિ-પ્રેમનો માર્ગ અતિ કઠિન છે. કબીરજી કહે છે :

'યહ તો ઘટ હૈ પ્રેમકા મારગ અગમ અગાધ
સીસ કાટિ પગ તર ધરૈ, તબ નિકટ પ્રેમ કા સ્વાદ.'

આ પ્રેમ ફટકિયા મોતી જેવો ક્ષણજીવી નથી :

'છિનહિં ચઢૈ છિન ઊતરે, સો તો પ્રેમ ન હોય,
અધર પ્રેમ પિંજર બસૈ, પ્રેમ કહા વૈ સોય.'

પ્રેમનો આ રંગ શાશ્વત છે, એ પ્રાપ્ત કરવા જીવનને પણ શૂળીએ ચડાવવું પડે :

'પ્રેમ ન વાડી ઉપજે, પ્રેમ ન હાટ બિકાય
રાજા પરજા જેહિ રુચૈ, શીશ દેઈ લૈ જાય.'

પણ એકવાર પરમાત્માનો પ્રેમ મળી જાય પછી કોઈ સ્થૂળ-નશ્વર આનંદનો મોહ રહેતો નથી :

'કબીર પ્યાલા પ્રેમ કા અંતર લિયા લગાય
રોમ રોમ મેં રમી રહા, ઓર અમલ ક્યા ખાય ?'

પોતાના અસ્તિત્વમાં એ પરમ આનંદનો સાક્ષાત્કાર અનુભવ્યા પછી વિયોગનો કોઈ અનુભવ રહેતો નથી :

'પ્રીતમ કો પતિયાઁ લિખૂં, જો કહું હોય બિદેશ

તનમેં મનમેં, નૈનમેં, તા કો કહાઁ સંદેશ ?'

પ્રેમમાં સર્વસ્વનો ત્યાગ કરવો પડે, પ્રેમ અને દર્પ કદી સાથે ન રહી શકે.

'પીયા ચાહૈ પ્રેમરસ, રાખ ચાહૈ માન;
એક મ્યાનમેં દો ખડ્ગ, દેખા સુના ન કાન.'

એકવાર પ્રભુ સાથે પ્રેમ થાય પછી જેમ માછલીને જળ વિના ન ચાલે તેમ આત્મા પરમાત્મા વગર જીવી શકતો નથી.

'અધિક સ્નેહી માછરી, દુભ અલ્પ સનેહ;
જલહિં બલ તે બીછુરે, તબ હી ત્યાગે દેહ.'

આત્મા અને પરમાત્મા, પ્રેમિકા અને પ્રિયતમ વચ્ચે માત્ર 'માયાનું આવરણ' હોય છે. એ હટી જતાં પ્રેમ સરળતાથી પ્રાપ્ત થાય છે :

'ઘુંઘટ કા પટ ખોલ રે, તોહે પિયા મિલેંગે'

અલબત્ત, આવો પ્રેમમાર્ગ પ્રાપ્ત તો થઈ જાય પરંતુ તેને જીરવવો અતિ કઠિન છે. અગ્નિની આંચથી પ્રખર અને તલવારની ધારથી પણ તીક્ષ્ણ !

'અગ્નિ આંચ સહના સુગમ, સુગમ ખડ્ગ કી ધાર;
નેહ નિભાવન એક રસ, મહા કઠિન વ્યવહાર.'

આમ કબીરવાણીમાંથી પ્રાપ્ત થતો પ્રેમમાર્ગ-ભક્તિમાર્ગ સાધનાનો માર્ગ છે. સર્વસ્વ સમર્પિત કરીને પરમાત્મા પાસેથી સર્વસ્વ પ્રાપ્ત કરવાનો માર્ગ છે. 'આ માર્ગ કઠોર સાધનાનો અને કોમળ ભક્તિનો છે.' પણ સહજ પણ એટલો જ છે :

'પોથી પઢી પઢી જગ મુઆ
પંડિત ભયા ન કોઈ
ઢાઈ અચ્છર પ્રેમ કા
પઢે સો પંડિત હોઈ.'

**—ડૉ.વિપિનકુમાર કીકાણી**

## ॥ અહંકારનું કાચલું ઘણના ઘા વિના તૂટતું નથી ॥

ગુરુ શિષ્યનો સંબંધ સૌથી ઘનિષ્ઠ અને સુખદ છે. એ સંબંધનું માધુર્ય કંઈ ઑર છે. ગુરુ શિષ્યનો પ્રેમ આદિથી અંત સુધી નિર્મળ પ્રેમ જ હોય છે. ગુરુ શિષ્યને પોતાના તરફ અને પ્રભુ તરફ ખેંચે છે. તે પ્રેમને લીધે શિષ્ય પણ પોતાને સંપૂર્ણ આત્મસમર્પણમાં લીન કરી દેતાં શીખે છે.

આ સંબંધ માનવીય છે, એટલા માટે કે ગુરુ મનુષ્યદેહમાં છે. ગુરુ મનુષ્યદેહમાં હોવાથી દૃષ્ટિથી, સ્પર્શથી અને મનથી મનુષ્યનો સંપર્ક સહેલાઈથી સાધી શકે છે. સાથેસાથે ગુરુ શિષ્યનો સંબંધ દિવ્ય છે. કારણ કે શિષ્ય મનુષ્યગુરુનાં દિવ્ય રૂપનું શરણ શોધે છે અને લે છે, એમના બાહ્ય રૂપનું નહિ ! ગુરુ નહેર જેવા છે. માણસ નહેર ખોદી પાણી લે છે. ત્યારે એ પાણી મૂળ સ્રોતમાંથી આવતું હોય છે.

ગુરુનું હૃદય ખૂબ કોમળ હોય છે. કારણ એમનો પ્રેમ કુરબાન થનારો પ્રેમ હોય છે. એ શિષ્યને પોતાનું જ અંગ ગણી એના પર પ્રેમ રાખે છે. શિષ્યના હિત સિવાય બીજા કશાની એમને ખેવના નથી હોતી. અને પોતાની ગૂઢમાં ગૂઢ અનુભૂતિઓમાં પણ તેઓ એને હિસ્સેદાર બનાવે છે.

કોઈવાર ગુરુ કઠોર બને છે. તેનું કારણ એ છે કે તેઓ શિષ્યને રાજી કરવા એના ગુરુ નથી થયા પણ એને સાક્ષાત્કાર લગી પહોંચાડવા એના ગુરુ થયા છે. વળી શિષ્યના અહંકારનું કાચલું એવું કઠણ હોય છે કે ઘણના ઘા વિના એ તૂટતું નથી. ગુરુનું કામ ઘણું

અઘરું હોય છે, કારણ ઘણીવાર શિષ્યની ઇચ્છાઓ, કામનાઓ અને આસક્તિઓ સૂક્ષ્મ વિઘ્નો ઊભાં કરે છે.

ગુરુનો પ્રકાશ શિષ્યના અંતરને અજવાળે તે પહેલાં આ કામનાઓ-આસક્તિઓનો નાશ કરવો જ પડે છે. શિષ્ય ઘણીવાર સમજવામાં ભૂલ કરે છે, એ વિરોધ પણ કરે છે. પણ ગુરુ અપાર ધૈર્ય ધરી રહે છે, કારણ કે એમને ખબર છે કે શિષ્ય પાછો એમની પાસે જ આવવાનો છે.

એ વાત સાચી છે કે શિષ્યને શિખરે પહોંચાડે નહિ ત્યાં લગી ગુરુને આરામ નથી; પણ એમાં શિષ્યના સહકારની પણ એટલી જ જરૂર રહે છે. શિષ્યમાં અભીપ્સા, નિષ્ઠા અને સમર્પણનો સંકલ્પ જોઈએ.

ગુરુ વિના ચેતનાનું પરિવર્તન અશક્ય છે. પણ ગુરુની સહાય મળતાં આ કામ આનંદદાયક થઈ જાય છે. શિષ્યનો ગુરુ પ્રત્યેનો પ્રેમ રસ્તામાં આવતા તમામ વિઘ્નોને બાળીને ભસ્મ કરી નાખે છે. આ પ્રેમાગ્નિમાં અહંકારનો કોલસો બળીને સમર્પણનું ઝળહળતું માણેક બની જાય છે.

પછી તો ગુરુની ઇચ્છાનુસાર ચાલવામાં શિષ્યને અનહદ આનંદ થાય છે. કારણ એ જાણે છે કે ગુરુની ઇચ્છા એ પ્રભુની ઇચ્છા છે. શિષ્ય ગુરુને પોતાનું હૃદય, પોતાનો આત્મા સમર્પે છે. અને ગુરુ એ બધું પ્રભુને સમર્પે છે. આમ ગુરુ પ્રેમથી શિષ્યને ઘડીને તૈયાર કરે છે. અલબત્ત આ ઘડવાની ક્રિયા શિષ્યને કષ્ટકર લાગે છે પણ અહંકારના કોચલાને તોડવા ઘણ સાથે કામ પાડવા સિવાય બીજો રસ્તો ક્યાં છે ? ગુરુ હથોડાનો

ઉપયોગ કરે છે તે કેવળ પાષાણમાંથી પૂર્ણ કલામય મૂર્તિ નિપજાવવા માટે !

આવા સદ્‌ગુરુ દુર્લભ છે, સાચા શિષ્યો તો એથીયે વધારે દુર્લભ ! પણ જ્યારે દૈવી ચમત્કાર બને છે ત્યારે એની આગળ બીજા બધા સંબંધો નિસ્તેજ ને મામૂલી લાગે છે.

શિષ્યે ગુરુ પાસે એક જ અધિકાર માગવાનો છે, તેમને ચાહવાનો અને તેમની સેવા કરવાનો. એકવાર આ સિદ્ધ થઈ જાય એટલે એના પાસા પોબાર !

ક્વચિત્ મતિભ્રમ થતાં, ગુરુની ઇચ્છા પ્રમાણે ચાલનાર શિષ્ય એવી આશા રાખતો થઈ જાય છે કે ગુરુ મારી ઇચ્છા પ્રમાણે ચાલે-એ આવ્યો હોય છે પોતે બદલાવા પણ હવે ગુરુને બદલવા ઇચ્છે છે. ત્યારે અહીં ગુરુની કરુણાનો પ્રવેશ થાય છે. તે હળવેથી પણ દૃઢપણે પોતાના પ્રેમના સ્પર્શ વડે શિષ્યના અહંકારનાં જાળાંને વિખેરી નાખે છે. આ જેવો તેવો ચમત્કાર નથી.

'બંસી આજે પણ બજે છે.'

**—રમણલાલ સોની**

**મૂળ લેખક : દિલીપકુમાર રૉય, ઈંદિરાદેવી**

## ।। ગુરુ-શિષ્ય મિલન એ સહજ ઘટના છે ।।

હજારો વર્ષોથી આપણા દેશમાં આવા અધ્યાત્મમાર્ગે લોકો ગયા છે. રહ્યા છે. જેમણે પોતાના હાડમાંસમાં એક પ્રયોગશાળા બનાવીને જીવનના પ્રયોગો કર્યા છે. એમણે જે કંઈ કર્યું એ નાશ નથી પામ્યું.

સંતોએ જે સાધના કરી, નિરંતર ચિંતન કર્યું એ નાશ તો નથી પામ્યું. એ સ્પંદનરૂપે આકાશમાં જઈને સૂક્ષ્મ રૂપમાં જઈને મળી ગયો. એટલે જે જે ગયા એ બધા સમગ્ર અસ્તિત્વમાં છે. એટલે આજે પણ જે આત્મસંગમાં બેસશે તો એમની સાથે વિશ્વસંગ થઈ જ જશે. ભાવનાશીલ ચિત્ત સગુણ રૂપથી આવિર્ભૂત થઈ, જ્ઞાનમાર્ગી સ્પષ્ટ બોધના રૂપમાં સ્પંદિત થશે.

જેમ ગુરુત્વાકર્ષણ આપને ધરતી પર ચલાવે છે પ્રેમાકર્ષણ બુદ્ધિ-મનના ચાલવા માટેનું ક્ષેત્ર બનાવી દે છે, જીવનશુદ્ધ થતાં જ તે કામ કરવા માંડે છે ને વ્યક્તિ-વિશ્વનો એક સંબંધ બની જાય છે.

વિશ્વમાં આપણાથી પહેલાં જે જીવી ગયા, એ જીવન સાધકોની સાધનામાંથી નિષ્પન્ન થયું, એ પ્રવાહના રૂપમાં, સ્પંદનના રૂપમાં વિદ્યમાન છે. જીવનશુદ્ધિ સુધી સાધક પહોંચે તો આગળ એને ક્યારે, કેવી રીતે, ક્યાંથી મદદ મળશે એની કોઈ નિશ્ચિત ધારણા ન કરી શકાય પણ સંકેતો પડ્યા છે અથવા પ્રેમાકર્ષણની, પ્રેરણાની, જીવનની, વિશ્વચૈતન્યની કોઈ પદ્ધતિ છે. જે વ્યક્તિની જિજ્ઞાસાની ઉત્કટતતા, જીવનની કઠિનતાના પ્રમાણમાં તેને મદદ મળે છે. એ માણસની પોતાની કમાયેલી નથી. અવ્યક્ત તરફથી મદદ મળે છે એ જ પ્રભુકૃપાનું અવતરણ !

આમ, જીવનશુદ્ધિ અને પ્રભુકૃપા આ બે સ્વતંત્ર પ્રસંગો

નથી. બંને સાથે-સમાંતરે પ્રગટે છે. મનની શક્તિઓ આપોઆપ કામ કરવા માંડે છે. સંકલ્પ નથી કરવો પડતો, પ્રયાસ નથી કરવો પડતો. સંવેદનશીલતા એટલી સૂક્ષ્મ, એટલી સર્વજ્ઞ છે કે એ સર્વવ્યાપક થઈ જાય છે. કારણ કે એની નાડીમાંથી વિશ્વ આખાની, માનવજાતની નાડી ધબકવા માંડે છે. આવી વ્યક્તિમાં 'જીવન જાગતું અદ્વૈત' જીવાવા લાગે છે.

આ એકતા, અદ્વૈત, સંતુલન અખંડ વ્યવહારમાં પ્રગટ થવા માંડે છે તો લોકો એની મૃદુતાને-કોમળતાને 'પ્રેમ' કરે છે.

પ્રેમ નામનો કોઈ અલગ પદાર્થ નથી પણ સત્યાચરણથી સમગ્રતાની શુદ્ધિ થયા પછી જે કોમળતા, જીવનની એકતા સર્વ ઈન્દ્રિયોમાંથી ઝરવા માંડે છે, એ પ્રેમ છે.

આમ, અધ્યાત્મ એ સમગ્ર જીવન તરફ જોવાની દૃષ્ટિ છે. જીવન-યોગ છે. એમાં જીવનની બહાર પ્રભુ નથી. વ્યવહાર અને પરમાર્થ એવી બે વિભિન્ન સત્તાઓ નથી.

એવી વ્યક્તિ જે ઉન્મુખ છે, તત્પર છે, વિનમ્ર છે, જે ખરેખર પોતાના જીવનની કિંમત ચૂકવીને પણ જાણવા, સમજવા, જોવા ચાહે છે તો જિજ્ઞાસુમાં એક લોહચુંબકની શક્તિ આવી જાય છે, આત્માનુભવી સાથે સંબંધ સહજ થાય છે. એની પાસે જે છે તે અપાઈ જાય છે. એના પ્રત્યે અહોભાવ રાખી, પૂજાની જરૂર નથી. સત્ય વ્યક્તિથી વિશેષ છે. વ્યક્તિ ગમે તેટલી મહાન કેમ ન હોય એમના પ્રત્યે પ્રેમ, આદર, વિનમ્રતા હોય, હોવાં પણ જોઈએ. 'વિશેષ' મૃદુતા હશે; એ સહજ હશે. ગુરુ-શિષ્ય મિલન એક ઘટના છે. જે પુરુષાર્થ જન્ય નથી. જીવનનો જ સ્વભાવ શીલ છે. તેથી જ મિલન !

**—શ્રી વિમલા ઠકાર**

# ॥ A Special wish for a special day ॥

[રાજકોટની એક ૧૦-૧૧ વર્ષની બાલિકા શરણા અમૃતિયા 'ૐ મા'ને પોતાની 'કેટલીક રચનાઓ' અર્પણ કરતાં સરસ લખે છે :

To Om Maa

'Because you're often in my prayers And always in my thoughts.'

તેણે રચેલું 'એક કાવ્ય' આપણે સર્વ વાંચીએ, આસ્વાદીએ. કાવ્યની સરળતા, માધુર્ય અને સહજ સંવેદના સ્પર્શી જાય તેવાં છે.]

**॥ A Special wish for a Special day ॥**

Good morning OM MAA
It's lovely day (My Birthday)
So much like yesterday and tomorrow
And yet so different !
Before I'am off and running
I want to thank you.
For the beautiful world you created
And for giving me life to enjoy it.
I want to live each moment
Not looking back, nor ahead
But remembering something wonderful
Can happen right now.
Give me wisdom OM MAA
As I go through this day
The minutes and hours fly by
And there are so many decisions to make.
Some thoughts out and some so quick
There is no time to think
Need your advise to guide me
Even when I am not aware of it
Help me to do your will in all the things.